સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

ચોથું નોરતું
Happy Navratri

વર્ષ : ૪૭ અંક : ૨૫૮ જૂનાગઢ તા.૧૮-૧૦-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 258, Junagadh : Date : 18 October, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ગાઝાની હોસ્પીટલ પર ઈઝરાયલનાં હવાઈ હુમલામાં ૫૦૦થી વધુનાં મોત

## ઈઝરાયલે હોસ્પીટલ પર હુમલો નહી કર્યો હોવાની સ્પષ્ટતા કરી : હમાસનું રોકેટ મીસ ફાયર થયું હોવાનું જણાવ્યું



તેલઅવીવ, તા.૧૮: ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૧ દિવસથી ચાલી રહેલું યુદ્ધ હવે વધુ ઉગ્ર બન્યું છે. આ દરમિયાન ઈઝરાયેલી સેનાએ ગાઝાની એક હોસ્પીટલ પર હવાઈ હુમલો કર્યો છે, જેમાં ૫૦૦થી વધુ લોકો માર્યા ગયા હોવાની માહિતી મળી રહી છે. હમાસે આ હુમલાને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલ નરસંહાર ગણાવ્યો છે. જયારે ઈઝરાયેલે આ હુમલામાં પોતાનો હાથ હોવાનો ઈન્કાર કર્યો છે. ઈઝરાયેલે દાવો કર્યો છે કે આ દુર્ઘટના હમાસના રોકેટના મિસફાયરને કારણે થઈ હતી.

હમાસે દાવો કર્યો છે કે આ હુમલો ઈઝરાયેલની સેના દ્વારા મધ્ય ગાઝામાં અલ અહલી હોસ્પીટલમાં કરવામાં આવ્યો હતો. આ હોસ્પીટલને ગાઝા પટ્ટીની છેલ્લી ક્રિશ્ચિયન હોસ્પીટલ તરીકે ઓળખવામાં આવી છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે દાવો કર્યો કે ઈઝરાયેલી સેનાએ મોડી સાંજે અલ અહલી અબરી બેપ્ટીસ્ટ હોસપિટલ પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ૫૦૦થી વધુ લોકોના મોત થયા હતા. જોર્ડનમાં ઈઝરાયેલની એમ્બેસી પર હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી મળી છે.

ઈઝરાયેલી સેનાએ મોડી સાંજે અલ અહલી અબરી બેપ્ટીસ્ટ હોસ્પીટલમાં હવાઈ હુમલાની કોઈપણ ઘટનાને નકારી કાઢી છે. સેનાનો દાવો છે કે હમાસના રોકેટના મિસફાયરને કારણે આ ઘટના બની છે. સેનાનો દાવો છે કે હોસ્પીટલમાં હમાસના હથિયારોનો ભંડાર હતો અને હમાસના રોકેટના કારણે આટલી મોટી તબાહી સર્જાઈ હતી. પેલેસ્ટાઈને પણ હુમલાની પુષ્ટિ કરી અને કહ્યું કે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાને કારણે ગાઝાની અલ અહલી અરબ હોસ્પીટલ પર બોમ્બમારો કરવામાં આવ્યો હતો, આ ઘટનામાં ૫૦૦ લોકો શહીદ થયા છે. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો સામેલ છે. ઈઝરાયેલે આ હુમલામાં પોતાની કોઈ સંડોવણી હોવાનો ઈન્કાર કર્યો છે. જો આ હુમલાની પુષ્ટિ થાય છે, તો તે ૨૦૦૮ પછી ઈઝરાયેલનો આ સૌથી ઘાતક હુમલો ગણાય છે.

## હોસ્પીટલ પર હુમલાને પગલે સઉદી અરબે વિશ્વનાં ૫૭ મુસ્લીમ દેશોની આપાતકાલીન બેઠક બોલાવી

જેદાહ,તા.૧૮ ગાઝા પર સતત થઈ રહેલા હુમલાઓ વચ્ચે ૫૭ ઈસ્લામિક દેશોના સંગઠન OICએ ઈમરજન્સી બેઠક બોલાવી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં ૫૦૦૦ થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૧ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ પછી આખી દુનિયાના મુસ્લિમો ઈઝરાયલ વિરુદ્ધ એક થઈ રહ્યા છે.

સાઉદી અરેબિયાએ ગાઝા પર સતત ઈઝરાયેલ હુમલાને લઈને OICની ઈમરજન્સી બેઠક બોલાવી છે. ૫૭ ઈસ્લામિક દેશોના સંગઠન OICએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે આ બેઠક સાઉદી અરેબિયાની વિનંતી પર બોલાવવામાં આવી છે. જેદાહમાં યોજાનારી આ બેઠકમાં ગાઝામાં ઈઝરાયેલના સૈન્ય હુમલા પર ચર્ચા થશે. મધ્ય પૂર્વની સ્થિરતા અને સુરક્ષાને લઈને પણ ચર્ચા થશે. હકીકતમાં, હમાસના હુમલા પછી, ઈઝરાયલે સમગ્ર ગાઝાને નષ્ટ કરીને બદલો લીધો છે. ૫૭ ઈસ્લામિક દેશોના આ સંગઠને કહ્યું હતું કે ઈઝરાયલે તરત જ પેલેસ્ટાઈનના લોકો પર હુમલા બંધ કરવા જોઈએ. આંતરરાષ્ટ્રીય સમુદાયે આમાં હસ્તક્ષેપ કરવો જોઈએ.

## રશિયાએ યુનોની સલામતી સમિતિની ઈમરજન્સી બેઠક બોલાવી

નવી દિલ્હી, તા.૧૮: રશિયાએ ગાઝાની હોસ્પીટલ પર હુમલાને લઈને UNSCની ઈમરજન્સી બેઠક બોલાવી છે. સાઉદી અરેબિયા, યુએઈ, બહેરીન, ઈજીપ્ત, જોર્ડન અને તુર્કીએ ગાઝાની હોસ્પીટલ પર હુમલા માટે ઈઝરાયેલ પર શાબ્દીક હુમલો કર્યો છે. ગાઝામાં થયેલા હુમલામાં સેંકડો પેલેસ્ટીનિયનો માર્યા ગયા છે. બહેરીને તાત્કાલિક યુદ્ધવિરામની અપીલ કરી છે.

લેબનોનના હિઝબુલ્લાએ હોસ્પીટલ પરના હુમલાની નિંદા કરવા માટે 'ડે ઓફ રેજ'ની હાકલ કરી છે. હિઝબુલ્લાએ આ હુમલાને નરસંહાર અને ક્રૂર અપરાધ ગણાવ્યો છે.

## ઈરાને ધર્મયુધ્ધની ધમકી આપી : વિશ્વભરનાં મુસ્લીમો યુધ્ધનાં મેદાનમાં ઉતરશે

તહેરાન, તા.૧૮: ઈઝરાયલ-હમાસ યુદ્ધ હવે સમગ્ર ઈસ્લામિક વિશ્વ માટે એક મુદ્દો બની રહ્યું છે. આ મામલે, સઉદી અરબ, જોર્ડન, લેબેનોન, સીરીયા અને ઈજીપ્ત જેવા દેશો, પહેલેથી જ ઈઝરાયેલને ગાઝા પર હુમલા રોકવા કહી રહ્યા છે. જ્યારે ઈરાને તો હવે ખુલ્લી ધમકી આપી દીધી છે કે જો ગાઝા પર હુમલા બંધ નહીં થાય, તો દુનિયાભરના મુસલમાનો યુદ્ધમાં ઉતરશે અને ઈરાનના લશ્કરને દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે. આ સાથે ઈરાનના ટોચના નેતા આયાતોલ્લાહ અલી ખામેનાઈએ સીધી ધર્મયુદ્ધની જ ધમકી આપી છે.

ઈરાનના વરિષ્ઠ નેતાએ ઈરાનની સરકારી ટીવી ચેનલ ઉપર દેશને કરેલાં સંબોધનમાં ધર્મયુદ્ધની સીધી ધમકી ઉચ્ચારી દીધી છે. એવું પણ જાણવા મળ્યું છે કે હમાસ અને હિજબુલ્લાહ જેવા ઉગ્રવાદી સંગઠ્ઠનોને ઈરાન પરદા પાછળ રહી મદદ કરી રહ્યું છે.

## બાઈડનની અરબ દેશોનાં વડાઓ સાથેની બેઠક રદ

તેલઅવીવ તા. ૧૮ : ગાઝાની હોસ્પીટલ પર ઈઝરાયેલના રોકેટમારા અને સર્જાયેલી ભારે ખુવારી બાદ બાઈડન આજે ઈઝરાયેલ પહોંચી રહ્યા છે તે સમયે જ હવે બાઈડન માટે પરીસ્થિતિ બગડી છે. હોસ્પીટલ પર હુમલાનાં પગલે બાઈડનની જોર્ડન મુલાકાત રદ થઈ છે. ઈજીપ્ત-જોર્ડન તથા પેલેસ્ટાઈનના રાષ્ટ્રવડાઓ સાથેની બાઈડનની મુલાકાત આરબ રાષ્ટ્રોએ રદ કરી છે

## કેન્દ્રીય કર્મચારીઓની દિવાળી સુધરી : સરકારે એડહોક બોનસ આપવાની જાહેરાત કરી

નવી દિલ્હી, તા.૧૮: કેન્દ્રીય કર્મચારીઓ તહેવારોની સિઝનમાં મોંઘવારી ભથ્થા એટલે કે ડીએની રાહ જોઈ રહ્યા છે. અગાઉ, કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે તેના કર્મચારીઓની ચોક્કસ શ્રેણી અને નોન-ગેઝેટેડ કર્મચારીઓને બિન-ઉત્પાદકતા સાથે જોડાયેલ બોનસ આપવાની જાહેરાત કરી છે. આ બોનસ ગ્રુપ Gru-C માં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ગ્રુપ Gru-B ના તમામ નોન-ગેઝેટેડ કર્મચારીઓને ચૂકવવામાં આવશે જેઓ કોઈપણ ઉત્પાદકતા સાથે જોડાયેલ બોનસ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા નથી. તે કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને સશષા દળોના લાયક કર્મચારીઓને પણ ચૂકવવામાં આવશે. તેની ચૂકવણી માટે ગણતરી મર્યાદા ૭,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી કામ કરતા કર્મચારીઓને જ આ લાભ મળશે. આ માટે શરત એ પણ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન ઓછામાં ઓછા ૬ મહિના સુધી કામ કર્યું હોવું જોઈએ. બોનસ કર્મચારીઓના સરેરાશ પગારના આધારે, ગણતરીની ઉચ્ચ મર્યાદાના આધારે, જે પણ ઓછું હોય તે પ્રમાણે ઉમેરવામાં આવે છે.

## મોબાઈલ ફોનથી પત્ની - ગર્લફ્રેન્ડનો કોલ રેકોર્ડ કરવો ગુનો ગણાશે : બે વર્ષની સજા

નવી દિલ્હી, તા.૧૮: જે લોકો મોબાઈલ ફોનથી કોલ રેકોર્ડ કરી રહ્યા છે તેઓએ સાવચેત રહેવું જોઈએ. જે લોકો તેમની પત્ની અથવા ગર્લફ્રેન્ડના કોલ રેકોર્ડ કરશે તેને જેલમાં જવું પડી શકે છે. આ મામલે હાઈકોર્ટનો નિર્ણય આવ્યો છે, જેમાં કોલ રેકોર્ડિંગને પ્રાઈવસીનું ઉલ્લંઘન માનવામાં આવ્યું છે.

છત્તીસગઢ હાઈકોર્ટે મોબાઈલ કોલ રેકોર્ડિંગને નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું છે. તેમજ આઈટી એક્ટની કલમ ૭૨ હેઠળ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. હાઈકોર્ટે કહ્યું કે પતિ કે બોયફ્રેન્ડ તેની ગર્લફ્રેન્ડ કે પત્નીના કોલ રેકોર્ડ કરી શકતા નથી. આ બંધારણની કલમ ૨૧નું ઉલ્લંઘન છે.

આ ઉપરાંત કોલ રેકોર્ડિંગને પણ કોર્ટમાં પુરાવા તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે પણ કોલ રેકોર્ડિંગના મામલામાં ગોપનીયતાના ઉલ્લંઘનનો ઉલ્લેખ કર્યો છે.

## ગુજરાતનાં ગરબાને યુનેસ્કો હેરીટેઝમાં સ્થાન મળશે

નવી દિલ્હી,તા.૧૮ ગુજરાતનો ગરબો છેલ્લા કેટલાક વર્ષોથી ગ્લોબલ બન્યો છે, દેશમાંથી વિસ્તરીને ગરબો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય બન્યો છે. હવે ગુજરાતનું ગરબા નૃત્ય એટલે કે ગરબા રાસને યુનેસ્કોના ઈંટેજિબલ કલ્ચરલ હેરિટેઝ ઓફ હ્યુમેનીટી તરીકે નામાંકન માટે મોકલાયો છે, આશા છે કે આ વર્ષે જ ફેસલો થઈ જશે. હાલ દેશમાં નવરાત્રિ પર્વ ચાલી રહયું છે ત્યારે ભારતમાં ગુજરાતના ગરબા નૃત્યને-રાસને પણ યુનેસ્કોને વિશ્વની ઈન્ટેજીબલ કલ્ચરલ હેરિટેજ ઓફ હ્યુમેનીટી તરીકે નામાંકન માટે મોકલાયું છે, જે આ વૈશ્વિક સંસ્થાની પ્રક્રિયા મુજબ નામાંકન માટે વિચારાધીન છે. આશા છે કે, ૨૦૨૩ના અંત સુધીમાં યોજનારી બેઠકમાં તેનું અનુમોદન થઈ શકે છે.

## લોનની માંગ વધતા બેંકોએ એફડીનાં વ્યાજદરમાં વધારો કર્યો

મુંબઈ તા. ૧૮ કેન્દ્ર સરકારે પોષ્ટ ઓફીસ, નાની બચત યોજનાના વ્યાજદરમાં ફરી રીકરીંગ પરના વ્યાજદર જ યથાવત રાખ્યા અને રિઝર્વ બેંકે પણ તેની દ્વીમાસીક ધિરાણ દર બેઠકમાં પણ ફરી એક વખત 'સ્ટેટસ-કવો' જાળવી રાખી હાલના વ્યાજદર પણ ઉંચા હોવાનો તથા ફુગાવાની ચિંતા છે તેથી વ્યાજદર ઘટાડવાની હાલ કોઈ તૈયારી નથી તે સંકેત આપી દીધો છે પણ બેંકોની ચિંતા અલગ છે. કારણ કે તહેવારોના કારણે તમામ પ્રકારની લોનની માંગમાં વધારો થયો છે અને બેંકો સામે લીકવીડીટીનો પ્રશ્ન છે તેથી વધુ થાપણો આકર્ષવા બેંકોએ તેના બાંધી મુદતના થાપણો (એફડી)ના વ્યાજદરમાં વધારો જાહેર કરી રહી છે.

ઓકટોબરમાં ૧૦ બેંકોએ થાપણો પરના વ્યાજદર વધાર્યા હતા અને હજું વધુ બેંકો તેને અનુસરશે. એપ્રિલ-ઓગષ્ટ ૨૦૨૩ના ગાળામાં બેંક થાપણો ૬.૬ ટકા વધીને રૂા.૧૪૯.૨ લાખ કરોડ થઈ હતી.

## લાંબુ વેઈટીંગ લીસ્ટ હોવા છતાં ટ્રેનોમાં હવે કન્ફર્મ ટીકીટ મળી શકશે

નવી દિલ્હી,તા.૧૮ રેલવે પ્રવાસીઓ હવે ટ્રેનોના લાંબા વેઈટીંગ લીસ્ટ વચ્ચે પણ કન્ફર્મ ટિકીટ મેળવી શકશે. રેલવે દ્વારા ટ્રેનોના રીઝર્વેશન ચાર્ટને ઓનલાઈન કરી દેવામાં આવ્યો છે. રેલવેની વેબસાઈટ પર ચાર્ટ બન્યા બાદ ખાલી બર્થની માહિતી ઉપલબ્ધ થશે અને લોકો તેના આધારે ઓનલાઈન બુકીંગ કરાવી શકશે.

આ સિવાય રેલવે દ્વારા વેબસાઈટમાં કેટલીક અન્ય સુવિધાઓ પણ શરૂ કરવામાં આવી છે. રેલવેની વેબસાઈટ ઈન્ડીયન રેલવે પેસેન્જર રીઝર્વેશન ઈન્કવાયરી પર ચાર્ટ (રીઝર્વેશન) નામે વધુ એક વિકલ્પ જોવા મળશે જેમાં રીઝર્વેશન ચાર્ટની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ હશે. ટ્રેનનો નંબર, માહિતી, બોડીંગ સ્ટેશન, પ્રથમ ચાર્ટ બન્યા બાદ ખાલી બર્થ સહિતની વિગતો હશે અને તે ઓનલાઈન જોવા મળી શકશે. હવે ટીટીઈના આશરે નહીં રહેવુ પડે.

ખોડલધામ ટુર
સ્લીપર બસ દ્વારા
તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિખવી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેક વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડૉ. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૯૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...



વિશેષતાઓ
● મોર્ડન એલીવેટેડ ગેઈટ
● સીકયુરીટી કેબીન
● ગેઈટ પર સીસીટીવી કેમેરા
● સી.સી. રોડ
● અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સીસ્ટમ
● ઓફીસ વીથ ગાર્ડન
● પાર્ટી લોન વીથ સ્ટેજ
● વોલ બાઉન્ડ્રી
● બોરવેલ (કોમન પ્લોટમાં)
● ડ્રીપ ઈરીગેશન રોડ સાઈડ પ્લાન્ટેશન
● ગાર્ડન એરીયા
● મોર્ડન એલીવેટેડ સ્ટ્રીટ લાઈટ
સંપર્ક
રમેશભાઈ પેથાણી મો. ૯૯૦૯૫ ૫૧૬૩૩
મીતુલભાઈ ભલાણી મો. ૯૮૨૫૨ ૯૧૦૧૨
રમેશભાઈ પાનસુરીયા મો. ૯૯૧૩૮ ૮૭૮૮૯
સાઈટ : સાનિધ્ય રેસીડેન્સી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

# વર્ષ ૨૦૨૩નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો



અમદાવાદ તા.૧૮

ભારત સહિત વિશ્વના અમુક દેશો–પ્રદેશોમાં શનિવાર તા. ૨૮/૨૯ ઓકટોબરે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો સાડા ચાર કલાકનો અદ્દભુત અવકાશી નજારો બનવાનો છે. અમુક પ્રદેશોમાં ગ્રસિત સાથે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો બેનમુન અલૌકિક નજારો નિહાળવા–માણવા, ફોટોગ્રાફી–વિડીયોગ્રાફી કરવાનો લ્હાવો લોકોને મળવાનો છે. રાજયભરમાં ગ્રહણ નિદર્શન કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અમલમાં મુકયો છે. અવકાશી ગ્રહણની ભૂમિતિની રમત, પરિભ્રમણ અને ખગોળીય ઘટના વિશે જાથા મહિતગાર કરનાર છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ આસો શુકલ પક્ષ પુનમને શનિવાર તા. ૨૮/૨૯ ઓકટોબર ૨૦૨૩ મેષ રાશિ અશ્વિની નક્ષત્રમાં થનારૂં ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. અમુક જગ્યાએ ગ્રસિત ગ્રહણ ઉપરાંત એશિયા, ઓસ્ટ્રેલિયા, પૂર્વ અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં જોવા મળશે.

ભારતમાં ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૩ કલાક ૩૧ મિનિટ ૪૪ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૫ કલાક ૦૫ મિનિટ ૧૮ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૫ કલાક ૪૪ મિનિટ, ગ્રહણ ઉન્મીલન : ૨૬ કલાક ૨૨ મિનિટ ૩૭ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૭ કલાક ૫૬ મિનિટ, ૧૯ સેકન્ડ, પરમ ગ્રાસ : ૦.૧૨૨ રહેશે. ખંડગ્રાસ કાળ : ૧ કલાક ૧૭ મિનિટનો રહેશે.

જાથાના જયંત પંડયા જણાવે છે કે ખંડગ્રાસ ચંદ્રગ્રહણમાં ગ્રસિત ભાગ મુંબઈ, સુરત, અમદાવાદ, રાજકોટ સહિત જિલ્લા મથકે જોવા મળશે. જયારે અન્ય પ્રદેશોમાં ખંડગ્રાસ જોવા મળશે. બેલ્જિયમ, થાઈલેન્ડ, પોર્ટુગલ, હંગેરી, ઈજિપ્ત, તુર્કી, ઈન્ડોનેશિયા, ગ્રીસ, ઈટાલી, સ્પેન, ઈગ્લેન્ડ, મ્યાનમાર, સાઉથ આફ્રિકા, ફ્રાન્સ, નાઈજીરીયા, જાપાન, ચીન વિગેરે પ્રદેશ–દેશોમાં લોકોને જોવાનો લ્હાવો મળશે. સાડા ચાર કલાકની ગ્રહણની અવધિ હોય ખગોળીય આનંદ લૂંટી શકાશે.

જાથાના પંડયા જણાવે છે કે તા. ૨૮ મી રાત્રિના સાડા અગિયાર કલાકથી શરૂ થનારૂ ગ્રહણ તા. ૨૯ મી ૩ કલાક ૫૬ મિનિટ સુધી ગ્રસિત–ખંડગ્રાસ ગ્રહણ નરી આંખે જોઈ શકાશે. સાડા ચાર કલાકનું ગ્રહણ ખંડગ્રાસ કાળ ૧ કલાક ૧૭ મિનિટની અવધિ સુધી જોવા મળશે. રાજયકક્ષાનો કાર્યક્રમ અમદાવાદ, રાજકોટ ખાતે યોજાશે. જેમાં પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. અવકાશી ઘટનાઓ જોવા–માણવા માટેની હોય છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા–દેવા નથી તેની સમજ આપવામાં આવશે. ચંદ્ર દર વર્ષે બે સેન્ટીમીટર ખસે છે. ભવિષ્યમાં આશરે ૪૭ કલાકનો દિવસ પણ બનશે. ગ્રહણ પૂનમ–અમાસનો સાથ છોડી ગમે તે તિથીએ ગ્રહણની ખગોળીય ઘટના બનશે. ભરતી–ઓટના વૈજ્ઞાનિક કારણની માહિતી આપવામાં આવશે. વૈજ્ઞાનિકો ખગોળી ઘટના વખતે માનવ કલ્યાણકારી સંશોધનો આદરે છે. ચંદ્ર–મંગળ ઉપર માનવી વસવાટ કરી શકે તે માટેની તૈયારી આરંભી દીધી છે. વિજ્ઞાનથી માનવજાત સુખી–સંપન્ન થયો છે. જયારે ગ્રહણ સમયે લેભાગુઓ, અમુક જયોતિષીઓ નકારાત્મક આગાહીઓ, રાશિ ફળકથનો, કર્મકાંડ–ક્રિયાકાંડો તરફ દોરી જઈને ગુમરાહ કરવાનું કામ કરે છે. લોકોને આર્થિક પછાત રાખવાના ષડયંત્રના ભાગરૂપે ગ્રહણ સમયે જપ–તપ, દાન–પુણ્ય, સૂતક–બૂતક, વેધાદિ નિયમો પાળવાનું બતાવી અવળે માર્ગે વાળે છે. વાસ્તવમાં સૂતક–ગ્રહણના પાળવાના નિયમો નર્યો બકવાસ છે. ગ્રહણની રાજકીય–ભૌગોલિક અસરો લેભાગુઓના મનની ઉપજ છે. ગ્રહણના લાભાલાભ, શુભ–અશુભ, હોની–અનહોની વિગેરે દર્શાવવામાં આવે છે તે નર્યું તુત છે. ભારતના લોકો મોડી રાત્રીના પોતાની અગાસી કે પસંદગીની જગ્યા ઉપર ગ્રહણ દૂરબીન, ટેલીસ્કોપથી નજારો જોવા આહવાન કરવામાં આવ્યું છે.

વધુમાં પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો સૂર્ય–ચંદ્રગ્રહણો પસાર થઈ ગયા હવે પછી પણ પસાર થવાના છે ત્યારે ગ્રહણની અસરોની હકિકત માત્ર ને માત્ર બકવાસ વિજ્ઞાને સાબિત કરી છે. કુદરત–પ્રાકૃતિક નિયમો અનુસાર પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, હોની–અનહોની ઘટના બનવાની જ છે. તેને કોઈ રોકી શકતું નથી. તેને પ્રાર્થના–પૂજાપાઠ, હોમ–હવન, જપ–તપ સાથે કશી જ લેવાદેવા નથી. વિજ્ઞાન આગોતરી જાણકારી આપી સાવધાન કરે છે તેને અટકાવી શકતું નથી. ટી.વી. ઉપર પળે–પળની માહિતી નજરે જોઈ શકીએ છતાં અવિજ્ઞાન જયોતિષ તરફ રૂચિ રાખવી તે માનવીની દરિદ્ર માનસિકતા છે. ભારતમાં સદીઓથી સંકટ, ભયાનકતા, દુ:ખ ટાળવા અનુષ્ઠાન, પૂજાવિધી વિગેરે જોવા મળે છે જયારે યુરોપ ખંડમાં સંશોધનો આદરી તેમનો સામનો કરવા શીખડાવવામાં આવે છે. જાથા લોકોમાં મનોબળ દ્રઢ કરવા અનેક કાર્યક્રમો આપે છે. માનસિક નબળા લોકોને અનેક પ્રકારની અસર સાથે ક્રિયાકાંડો કરવા પડે છે તેમાં બરબાદી મળે છે તે માટે પોતે જવાબદાર છે. જાથાએ સમગ્ર ભારતમાં ગ્રહણનો નજારો જોવા માટે અભિયાન આદર્યું છે.

એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે હિન્દુઓ માટે જ વિધિ–વિધાન છે. મંદિરો બંધ રાખવાનું તર્ક સમજાતું નથી. ગ્રહણ પહેલાની કલાકોમાં વેધાદિ નિયમો પાળવાના તુત આપણા દેશમાં જોવા મળે છે. ગ્રહણ સંબંધી રદ્દી માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, દંતકથાઓ વિગેરે જે તે સમયે સ્તુત્ય હશે પરંતુ ૨૧ મી સદીમાં તદ્દન અવાસ્તવિક, અતાર્કિક, અવૈજ્ઞાનિક હોય તેને તિલાંજલિ આપવી જોઈએ. ભાવિ પેઢીને વિજ્ઞાન દ્રષ્ટિકોણ–અભિગમ આપવાની જરૂર છે.

રાજયમાં ગામે–ગામે, જિલ્લા–તાલુકા મથકે જાથાના સદસ્યો, શુભેચ્છકો, જાગૃતો પોતાના વિસ્તારમાં વિવેકબુદ્ધિથી એકઠા થઈ અવકાશી નજારો નિહાળવાના કાર્યક્રમ સાથે ચા–નાસ્તો કરી, વેધાદિ નિયમનો ઉલાળીયો કરી નકારાત્મક આગાહીઓની હોળી કરી જાગૃતતા લાવવા જાથા અપીલ કરે છે. ગ્રહણ સંબંધી ફોટોગ્રાફસ જાથાને મોકલવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, વાપી, હિંમતનગર, રાજપીપળા, ડાંગ–આહવા, છોટા ઉદેપુર, ગોધરા, વ્યારા, પંચમહાલ, મોડાસા તેમજ સૌરાષ્ટ્ર–કચ્છના જિલ્લા–તાલુકા મથકે જાગૃતો સ્વયં આયોજન કરી ખંડગ્રાસ ગ્રહણ નિહાળશે. અંતમાં પોતાના ગામમાં ગ્રહણ નિદર્શન કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા ઓપન જૂનાગઢ રાસોત્સવનું અનેરૂ આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

સોમવારે બીજા નોરતે જલારામ મહિલા મંડળના સાનિધ્યમાં ચાર ગ્રુપમાં A,B,C,D બહેનોને રમાડવામાં આવેલ. મીનાબેન પરપડા તથા શીલાબેન બુધદેવના માર્ગદર્શન નીચે ચેતનાબેન મિશ્રાણીના યજમાન પદે સંપૂર્ણ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. જલારામ રઘુવંશી મહિલા મંડળ કારોબારી મેમ્બરઓ હાજર રહેલા. ટોટલ ૨૯ ઈનામોની વણઝાર ચાલુ રહેલ આ કાર્યક્રમમાં કનકબેન રૂપારેલીયા, પ્રફુલાબેન ઠકરાર, રક્ષાબેન સાંગાણી, ભાવનાબેન અઢિયા દરેક કારોબારી મેમ્બરોના સાથ સહકારથી આટલા ઈનામો આપવામાં આવેલ. સ્વાતિબેન મિશ્રાણીએ જજ તરીકે સેવા આપેલ. લોહાણા જ્ઞાતિના અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહેલા. ગીતાબેન કોટેચાએ હાજરી આપી બહેનોને આવકાર્યા હતા. બધા બહેનોએ મળીને આરતી કરેલ આરતીબેન કારિયા, અનીલાબેન બથિયા, સરોજબેન કારિયા, હિરવાબેન રૂપારેલીયા, રિયાબેન સાંગાણી બધાએ હાજરી આપેલ હતી.

# જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં ૧૨ કલાકમાં ૯૨,૦૦૦ મણ સોયાબીનની આવક થઈ

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૮


માર્કેટીંગ યાર્ડ—જૂનાગઢની સ્થાપના બાદ ની પ્રથમ ઘટના કે જે ઈતિહાસમાં રૂડુ નામ ધપાવશે. માર્કેટીંગ યાર્ડ—જૂનાગઢ માં માત્ર ૧૨ કલાક માં ૩૬,૮૦૦ કટ્ટા એટલે કે ૯૨,૦૦૦ મણ સોયાબીન ની આવક નોંધાઈ હતી અને અંદાજે ૬૦૦ થી વધુ વાહનોમાં ખેડુતો તેમના પરસેવાની કમાઈ રૂપી જણસી ભરીને માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢ ખાતે આવ્યા અને સુવ્યવસ્થિત માલ ઉતરાઈ પણ થઈ હતી અને આટલુ જ નહી પરંતુ જયારે આજે સવારે ૦૯:૦૦ વાગ્યે હરરાજી શરૂ થતા જ ૨૦,૦૦૦ થી વધુ કટ્ટાનું વેંચાણ પણ નોંધાયુ હતુ અને તમામ ખેડુતો ને એ જ દિવસે રોકડા નાણા પણ ચુકવાઈ જશે અને ખેડુતો ને પોષણક્ષમ એવા ૮૫૦ થી ૯૧૦ રૂા. પ્રતી મણના ભાવ પણ એકંદરે મળી રહયા છે. આમ માર્કેટીંગ યાર્ડના તમામ કર્મચારીઓની મહેનતથી સુવ્યવસ્થિત આયોજન થકી ઉતમ વ્યવસ્થા થઈ શકી તે તમામ બોર્ડ ઓફ ડીરેકટરસ માટે આ એક ખુબ ગૌરવ ની વાત છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રાસોત્સવ યોજવા બદલ અભિનંદન પાઠવાયા

જૂનાગઢ તા.૧૮

રીટાયર્ડ મેડીકલ ઓફિસર તથા જૂનાગઢ જીલ્લા રેડક્રોસ શાખાની કારોબારીના વરિષ્ઠ સભ્ય ડો.(મીસીસ)પંકજબેન જે.દવે દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવના સફળ આયોજન બાબતે સર્વે પદાધિકારીઓ તથા મંત્રીઓ તેમજ યોગદાન આપનારા સર્વેને ખુબ જ અભિનંદન આપ્યા છે. તેમજ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના આવા કાર્યોને સમાચારોમાં આગવું સ્થાન આપવા બદલ કામગીરીની સરાહના કરી છે.

# જૂનાગઢના ચોબારી રેલ્વે ફાટક પાસે ડમ્પર ડિવાઈડરમાં ભટકાતા ભીષણ આગ લાગી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના ચોબારી ફાટક પાસે ગઈકાલે બપોરના સમયે જીજે-૧૦-ટીટી-૯૦૧૪ નંબરનું ડમ્પર પસાર થઈ રહ્યું હતું. આ દરમ્યાન સામેથી આવતી કારને બચાવવા જતા ડમ્પર ચાલકે કાબુ ગુમાવ્યો હતો અને આ ડમ્પર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયું હતું અને બાદમાં ડિઝલની ટાંકી તુટી જતા સ્પાર્ક થતા ડમ્પર આગની લપેટમાં આવું ગયું હતું. આ દરમ્યાન જૂનાગઢ ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબુમાં લીધી હતી.

# ગિરીરાજ સોસાયટીમાં હોમગાર્ડ જવાનનું એસિડ પીતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના એક હોમગાર્ડ જવાને આપઘાત કરી લેતા તેના પરિવારમાં ગમગીની પ્રસરી જવા પામી છે.આ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં ગિરિરાજ સોસાયટી ખાતે આવેલ વૃંદાવન એપાર્ટમેન્ટમાં રહેતા હોમગાર્ડ જવાન સાગરભાઈ રાજુભાઈ છતવાણી ઉ. વ. ૨૯ નામના યુવકે ગત ૧૦ ઓક્ટોબરે પોતાના ઘરે એસિડ ગટગટાવી લીધું હતું. આથી તેમને જૂનાગઢ ખાતે સારવાર આપી વિશેષ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થતા પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ અંગેની જાણ મૃતકના પિતા રાજુભાઈ ત્રીકમદાસ છતવાણીએ કરતા બી ડીવીઝન પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. હોમગાર્ડ જવાનની આત્મહત્યા પાછળનું કારણ બહાર આવ્યું નથી. વિશેષ તપાસ પોલીસ ચલાવી રહી છે.

### વંથલી પંથકમાં જુગાર દરોડો : ૧૩ સામે કાર્યવાહી

વંથલીનાં ધંધુસાર ગામે નવઘણભાઈ મેરામણભાઈ થાપલીયાના કબ્જા ભોગવટાના મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા સાત શખ્સોને રૂા.૧૮,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે ધણફુલીયા ગામેથી દિલીપભાઈ કરમશીભાઈ ચાવડાના કબ્જા ભોગવટાની વાડીએ ઓરડીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા છ શખ્સોને રૂા.૧,૮૬,૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

# આશ્રમ શાળાના કર્મચારીઓને સળંગ નોકરીનો લાભ મળશે

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકારે આશ્રમ શાળાના કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, આશ્રમ શાળાના કર્મચારીઓને સળંગ નોકરીનો લાભ મળશે. કર્મચારીઓને સળંગ નોકરીનો લાભ આપવાનો નિર્ણય તેમને વિવિધ પ્રકારના લાભો થશે.

સામાજિક ન્યાય અધિકારીતા વિભાગે નિર્ણય કર્યો છે કે, અનુદાનિત આશ્રમ શાળાના કર્મચારીઓને લાભ મળશે. ૧૮૭ આશ્રમ શાળાઓના ૧૮૦૦ કર્મચારીઓને લાભ થશે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળની શાળાના કર્મચારીઓને લાભ મળશે.

અત્રે જણાવીએ કે, ૧૮૭ આશ્રમ શાળાઓમાં ફરજ નીભાવતા ૧૮૦૦ કર્મચારીને આનો લાભ મળશે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળની શાળાઓના કર્મચારીઓ માટે આ નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થયો છે.

# અમદાવાદના હાથીજણમાં બાબા બાગેશ્વર દિવ્ય દરબાનું આયોજન

તા.૧૮ થી ૨૦ દરમ્યાન યોજાનાર છે, જેમાં પ્રથમ દિવસે માતાજીનો મહિમા, માતાજીની કૃપા કેવી રીતે પ્રાપ્ત થાય છે, તે બાબતે કથાનું આયોજન કર્યું છે

### અવસાન નોંધ

રાજકોટ નિવાસી લુહાર શારદાબેન ગિરધરભાઈ પરમાર તે સ્વ.ગિરધરભાઈ વાલજીભાઈના પત્ની, પ્રફુલાબેન(બકુબેન) સુરેશભાઈ સિધ્ધપુરાના માતા, હાર્દિક અને નિકિતા ઓમકાર પટેલના નાનીનું તા.૧૬ના રોજ દુ:ખદ અવસાન થયેલું છે. સદગતના બંને પક્ષનું ઉઠમણું તા.૧૯ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વચ્ચે લુહાર જ્ઞાતિની વાડી, કેવડાવાડી, રાજકોટ રાખેલું છે.

# દિવાળી શારદા પુજન ચોપડા ખરીદવા માટેના શુભ મુહૂર્તો

જૂનાગઢ શહેર તથા જૂનાગઢ જિલ્લામાં આદરણીય સ્થાન ધરાવતા વૈષ્ણવ સંપ્રદાય તેમજ સ્વામીનારાયણ સંપ્રદાયના જયોતિષી શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ (જૂનાગઢ નિવાસી) દશેરા (વિજયા દશમી), શરદપુનમ તેમજ પૂષ્યયોગ, ધનતેરશ, શારદાપુજન તેમજ ચોપડા ખરીદવાના શુભ મુહુર્તો આપેલા છે.

જૂનાગઢ પ્રસિધ્ધ જયોતિષ શ્રી દિનેશકુમાર અનંતરાય ભટ્ટએ જૂનાગઢના પ્રસિધ્ધ કાગદી પુજા સ્ટેશનર્સ, માલીવાડા રોડ, જૂનાગઢના પ્રયાસોથી નીચે મુજબ આપેલા છે.

**(૧) દશેરા (વિજયા દશમી)** : સંવત ૨૦૭૯ આસો સુદી દશમ, માંગળવાર, તા. ૨૪–૧૦–૨૦૨૩ ના રોજ દશેરા (વિજયા દશમી) મનાવવામાં આવશે. વેપારી વર્ગ દેવમંદિર તેમજ ક્ષત્રિઓએ આ દિવસે સમીપૂજન કરવું. દશેરા (વિજયા દશમી) ના ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો સવારે ૯ કલાક ૪૨ મિનીટથી બપોરના ૨ કલાક ૦ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા તેમજ બપોરે ૩ કલાક ૨૬ મીનીટથી ૪ કલાક ૫૨ મીનીટ સુધી શુભ ચોઘડીયું તેમજ સાંજે ૭ કલાક ૫૨ મીનીટથી રાતના ૯ કલાક ૨૬ મીનીટ સુધી લાભ ચોઘડીયું, તેમજ રાતના ૧૧ કલાક ૦ મીનીટથી રાત્રે ૧૨ કલાક ૩૪ મીનીટ સુધી ચલ ચોઘડીયું.

**(૨) શરદપુનમ** : સંવત ૨૦૭૯ આસો સુદી પૂનમ શનિવાર તા.૨૮–૧૦–૨૦૨૩ ના રોજ શરદપૂનમ મનાવવામાં આવશે. ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો સવારે ૮ કલાક ૧૭ મીનીટથી સવારે ૯ કલાક ૪૨ મીનીટ સુધી શુભ ચોઘડીયુ. તેમજ બપોરે ૧૨ કલાક ૩૨ મીનીટથી સાંજે ૪ કલાક ૪૭ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા તેમજ સાંજે સૂર્યાસ્ત પછી ૬ કલાક ૧૨ મીનીટથી સાંજે ૭ કલાક ૪૭ મીનીટર સુધી લાભ ચોઘડીયું. તેમજ રાત્રે ૯ કલાક ૨૨ મીનીટથી રાત્રે ૧૨ કલાક ૩૨ મીનીટ સુધી શુભ તેમજ અમૃત ચોઘડીયું.

**(૩) પુષ્ય નક્ષત્ર** : સંવત ૨૦૭૯ આસો વદી સાતમ શનિવાર તા. ૪-૧૧-૨૦૨૩ ના રોજ પુષ્ય નક્ષત્ર છે. ચોપડા ખરીદવા તેમજ ઓર્ડર આપવાના શુભ મુર્હુતો સવારે ૮ કલાક ૨૦ મીનીટથી સવારે ૯ કલાક ૪૪ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ બપોરે ૧૨ કલાક ૩૨ મીનીટથી સાંજે ૪ કલાક ૪૪ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા તેમજ સૂર્યાસ્ત પછી સાંજે ૬ કલાક ૮ મીનીટથી ૭ કલાક ૪૪ મીનીટ સુધી લાભ ચોઘડીયું, તેમજ રાત્રે ૯ કલાક ૨૦ મીનીટથી રાત્રે ૧૨ કલાક ૩૨ મીનીટ સુધી શુભ તેમજ અમૃત ચોઘડીયા.

**(૪) ધનતેરસ** : લક્ષ્મીપુજન ચોપડા ખરીદવા ગાદી બીછાવવા વગેરેના શુભ મુર્હતો : સંવત ૨૦૭૯ આસો વદી બારસ શુક્રવાર તા. ૧૦-૧૧-૨૦૨૩ ના રોજ ધનતેરસ મનાવવામાં આવશે. ધનતેરસનો પ્રારંભ શુક્રવારે બપોરના ૧૨ કલાક ૩૬ મીનીટ પછી પ્રારંભ થાય છે. જે બીજે દિવસે શનિવારે બપોરના ૧ કલાક ૫૮ મીનીટ સુધી ધનતેરસ રહેનાર છે, પોતાની પરંપરા પ્રમાણે ધનતેરસની પુજા કરવી. શુક્રવારની ધનતેરસના મુર્હુતો બોરે ૧૨ કલાક ૩૬ મીનીટથી બશેરે ૧ કલાક ૫૫ મીનીટ સુધી શુભ ચોઘડીયું. તેમજ બપોરે ૪ કલાક ૪૧ મીનીટથી સાંજે ૬ કલાક ૪ મીનીટ સુધી ચલ ચોઘડીયું તેમજ રાત્રે ૯ કલાક ૧૮ મીનીટથી રાત્રે ૧૦ કલાક ૫૫ મીનીટ સુધી લાભ ચોઘડીયું તેમજ રાત્રે ૧૨ કલાક ૩૨ મીનીટથી વહેલી સવારે ૫ કલાક ૨૩ મીનીટ સુધી ચલ ચોઘડીયું. જે લોકો પોતાની પરંપરા પ્રમાણે સવારે ધનતેરસની પુજા કરતા હોય છે. તેઓએ શનિવાર તા. ૧૧-૧૦-૨૦૨૩ ના રોજ સવારે ૮ કલાક ૨૨ મીનીટથી સવારે ૯ કલાક ૪૬ મીનીટ સુધી શુભ ચોઘડીયામાં ધનતેરસની પુજા કરવી.

**(૫) દિવાળી** : દિપોત્સવી શારદા પુજન વગેરેના શુભ મુર્હુતો : સંવત ૨૦૦૯ આસો વદી ચૌદશ રવિવાર તા. ૧૨-૧૧-૨૦૨૩ ના રોજ દિવાળી મનાવવામાં આવશે. દિવાળી બપોરના ૨ કલાક ૪૫ મીનીટ પછી પ્રારંભ થાય છે. આ પ્રદોષ વ્યાપીની અને નિશિથ કાળની સમાવસ્યા હોવાથી આ દિવસે લક્ષ્મીપુજન કરવું. દિવાળીના શુભ મુર્હુતો બપોરે ૨ કલાક ૪૫ મીનીટથી બપોરે ૩ કલાક ૧૯ મીનીટ સુધી શુભ ચોઘડીયાના અમુક ભાગ તેમજ સાંજે સુર્યાસ્ત પછી ૬ કલાક ૫ મીનીટથી રાત્રે ૧૦ કલાક ૫૬ મીનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા તેમજ મોડી રાત્રે ૨ કલાક ૧૦ મીનીટથી રાત્રે ૩ કલાક ૪૭ મીનીટ સુધી લાભ ચોઘડીયું.

પ્રદોષકાળ પ્રમાણે રવિવારે સાંજે ૬ કલાક ૩ મીનીટથી રાત્રે ૮ કલાક ૩૮ મીનીટ સુધી પ્રદોષકાળનો સમય શ્રેષ્ઠ ગણાય છે. તેમજ વૃષભ લગ્ન પ્રમાણે સાંજે ૬ કલાક ૧૬ મીનીટથી રાત્રે ૮ કલાક ૮ મીનીટ સુધી વૃષભ લગ્ન, ચોપડા પુજન માટે શુભ ગણાય.

(૬) નૂતન વર્ષ : સંવત ૨૦૮૦ કારતક સુદ એકમ મંગળવારે તા. ૧૪-૧૧-૨૦૨૩ ના રોજ નૂતન વર્ષ મનાવવામાં આવશે. સંવત ૨૦૮૦ નૂતનવર્ષ ચોપડામાં મિતી પધરાવવાના મુહુર્તો મંગળવારના સૂર્યોદય પહેલા એટલે કે સોમવારની પાછલી રાત્રે ૨ કલાક ૭ મીનીટથી વહેલી સવારે ૬ કલાક ૫૮ મીનીટ સુધી શુભ, અમૃત તેમજ ચલ ચોઘડીયા તેમજ મંગળવારે સવારે ૯ કલાક ૪૮ મીનીટથી બપોરે ૧ કલાક ૫૭ મીનીટ સુધી ચલ, લાભ તેમજ અમૃત ચોઘડીયા.

(૭) ભાઈબીજ : સંવત ૨૦૮૦ કારતક સુદ બીજ બુધવાર તા. ૧૫-૧૧-૨૦૨૩ ના રોજ ભાઈ બીજ મનાવવામાં આવશે.

(૮) લાભ પંચમી : સંવત ૨૦૮૦ કારતક સુદ પાંચમ શનિવાર તા. ૧૮-૧૧-૨૦૨૩ ના રોજ લાભપંચમી મનાવવામાં આવશે.

(૯) જલારામ જયંતિ : સંવત ૨૦૮૦ કારતક સુદ છઠ્ઠ-સાતમ રવિવાર ક્ષય તિથી છે, તા. ૧૯-૧૧-૨૦૨૩ ના રોજ જલારામ જયંતિ મનાવવામાં આવશે.

**નોંધ – દશેરા, શરદપૂનમ, પુષ્યનક્ષત્ર, ધનતેરસ, દિવાળી, નુતન વર્ષ વગેરેના શુભ મુહુર્તો જૂનાગઢના પ્રખ્યાત જયોતિષી દિનેશકુમાર અનંતરાય ભટ્ટ એ સુર્યોદય, સુર્યાસ્તની ગણતરી કરીને આપેલા છે. તેમજ પ્રદોષકાળ પ્રમાણે વૃષભ લગ્ન ગણતરી પૂર્વક આપેલ છે.**

વધુ વિગત માટે જૂનાગઢના કાગદી પૂજા સ્ટેશનર્સ
માલીવાડા રોડ, જુની સેન્ટ્રલ બેંકની સામે જૂનાગઢવાળા
હિતેષભાઈ પારેખનો સંપર્ક કરવો.
મોબાઈલ નંબર : ૯૯૨૪૩ ૨૫૭૩૨ - ૯૯૦૪૦ ૩૪૨૧૧

# સ્વચ્છતા માટે રાહ ચિંધે છે જૂનાગઢનું શાપુર ગામ

## છેલ્લા ૨૦ વર્ષથી ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન : ૨૦ જેટલા સફાઈ કર્મચારી દ્વારા નિયમિતપણે સફાઈની કામગીરી : સીસી રોડ, ભૂગર્ભ ગટર, સીસીટીવી કેમેરા સ્ટ્રીટ લાઈટ સહિતની અધ્યતન સુવિધાથી સજ્જ શાપુર ગામ







જૂનાગઢ તા.૧૭

સ્વચ્છતામાં નિષ્કાળથી દાખવવી ઘણીવાર મોંઘી પડે છે. તેની કિંમત આપણે આરોગ્ય ગુમાવીને ચૂકવવી પડતી હોય છે. પણ સ્વચ્છતા માટે સજાગ હોય અને સ્વચ્છતાને જીવનનો એક ભાગ બનાવીએ તો અગણિત લાભો છે. તે જૂનાગઢના શાપુર ગામના લોકો અને આગેવાનો ખૂબ સારી રીતે જાણે છે. આઠેક હજારની વસ્તી ધરાવતા શાપુર ગામમાં ગ્રામ પંચાયત હેઠળ ૨૦ જેટલા સફાઈ કર્મચારી નિયમિતણે સફાઈનું કામ સંભાળે છે અને છેલ્લા ૨૦ વર્ષથી કચરાનું ડોર-ટુ-ડોર કલેક્શન કરવામાં આવી રહ્યું છે, જે જાણીને લોકો નવાઈ પામે છે. આ સંદર્ભે શાપુર ગામના સરપંચ નીતિનભાઈ ફળદુ કહે છે કે, સ્વચ્છતા લોકોના આરોગ્ય સાથે સીધી જોડાયેલી બાબત છે. એટલે નિયમિતપણે સાફ-સફાઈની સાથે મચ્છર વગેરેનો ઉપદ્રવ વધે ન તે માટે દર મહિને એકવાર એટલે કે વર્ષમાં ૧૨ જંતુનાશક જવાનો છંટકાવ કરવામાં આવે છે. ઉપરાંત સેનેટાઈઝ કરવા માટે ગ્રામ પંચાયત પાસે અદ્યતન સાધનોની પણ વ્યવસ્થા છે. ગ્રામ પંચાયત પાસે સ્વચ્છતા રાખવા માટે હાથલારી, ટ્રેક્ટર સહિતના જરૂરી સાધનો છે. ગ્રામજનોને કચરાના નિકાલ ડસ્ટબિન પણ આપવામાં આવ્યા છે. ઉપરાંત ગામમાં ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર વ્યવસ્થા છે. સમગ્ર ગામના રસ્તાઓ આરસીસીથી મઢેલા છે. છેલ્લી ત્રણ ટર્મથી શાપુર ગ્રામ પંચાયતનું સુકાન સંભાળતા નીતિનભાઈ ફળદુ કહે છે કે, લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે, સ્વચ્છતા અને આરોગ્ય અમારી પ્રાથમિકતા છે. આ ઉપરાંત ગામમાં અન્ય સુવિધાઓ માટે પણ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે. અંતમાં તેઓ કહે છે કે, સ્વચ્છતા અને આરોગ્ય માટે નવી ટેકનોલોજી અપનાવવા માટે અમારું ધ્યેય છે. આમ, શાપુર ગામ અન્ય ગામોને સ્વચ્છતા માટે રાહ ચિંધે છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા સેવા અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ મુજબ ચાલી રહ્યું છે અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ આયોજનબદ્ધ રીતે જાહેર સ્થળોની સ્વચ્છતા હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લાના પદાધિકારી અને અધિકારીઓ પણ સહભાગી થઈ રહ્યા છે.

**- ખાસ અહેવાલ : રોહિત ઉસદડ**

# જૂનાગઢ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય તમામ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ પુરજોશમાં

## જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સફાઈની વ્યાપક કામગીરી : તા. ૨૨મી સુધી હેરિટેજ સહિતના પૌરાણિક સ્થળોની પણ સફાઈ થશે

જૂનાગઢ તારીખ, ૧૮

જૂનાગઢ જિલ્લાના તમામ ગામો શહેરો અને તીર્થ સહિત જાહેર સ્થળોએ સફાઈની વ્યાપક કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં સફાઈના કાર્યમાં લોકો પણ જોડાયા છે. રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સ્વચ્છતા હી સેવાના અભિયાનને આગામી મહિના સુધી વિસ્તારવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમ્યાન જનભાગીદારી સાથે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં સફાઈ કાર્ય થાય અને સ્વચ્છતા કાયમી જળવાઈ રહે તેવા ઉદ્દેશ સાથે આ મિશન સાર્થક થઈ રહ્યું છે. કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જુદી જુદી કચેરી વિભાગ દ્વારા આગામી તા. ૨૨ મી સુધી હેરિટેજ સ્થળો તેમજ તીર્થ સ્થળો ઉપરાંત જાહેર સ્થળો એ સફાઈનું શ્રમ કાર્ય થઈ રહ્યું છે. જિલ્લા પંચાયત તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહાનગરપાલિકા અને કલેક્ટર તંત્ર હેઠળ વિવિધ નગરપાલિકા એમ વિવિધ વિભાગો કચેરીઓ દ્વારા ટીમ વર્ક થી સફાઈની રોજે રોજની કામગીરી કરવામાં આવી રહી છે.લોક પ્રતિસાદને લીધે ગ્રામ્ય વિસ્તારમાં પણ સફાઈ અભિયાનને સફળતા મળી છે અને ગામડાઓમાં આવેલા અમૃત સરોવર સ્થાનિક પંચાયત અને લોકોએ સાથે મળીને સફાઈ કાર્ય કર્યું હતું.

## જૂનાગઢ સંગ્રહાલય વિસ્તારની સફાઈ કરાઈ

જૂનાગઢ, તા.૧૮

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જૂનાગઢ શહેર ગ્રામ્ય ના દરેક જગ્યાએ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. જે અન્વયે જૂનાગઢના સરદારબાગ, તાજ મંઝિલમાં આવેલ જૂનાગઢ સંગ્રહાલયના પાછળના વિસ્તારમાં સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તારીખ ૧૬ થી ૨૨ દરમ્યાન શહેર અને ગ્રામ્ય વિસ્તારમા મ્યુઝિયમ , હેરિટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટ, મહાપુરૂષોની પ્રતિમા, નદી, તળાવ, પાણીના સ્ત્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના ભાગરૂપે જૂનાગઢ સંગ્રહાલયના પાછળના વિસ્તારની સફાઈ હાથ ધરવામાં આવી હતી એમ ક્યુરેટર શૈફાલીકા અવસ્થીએ જણાવ્યું હતું.

# સ્વચ્છતાના મિશનમાં આપણે સૌ સહભાગી બનીએ : લોક સાહિત્યકાર રાજભા ગઢવી

## જાહેર સ્થળોએ ગંદકી ના કરીએ,તંત્રને સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપીએ



જૂનાગઢ, તા.૧૮

જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ રાજ્ય સરકાર દ્વારા કાર્યરત કરાયેલા સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સહભાગી થવા જૂનાગઢવાસીઓને અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્વછતા હી સેવા કાર્યક્રમને તારીખ ૧૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યો છે. આ સ્વચ્છતા ના મિશનમાં આપણે સૌ કાયમી જાગૃત રહીએ. ભારતીય સનાતન પરંપરામાં પણ સ્વચ્છતા નો ઉલ્લેખ છે .ત્યારે આપણે ધરતી માતાને સ્વચ્છ રાખીએ,સફાઈની આ મુહિમમાં તંત્રને સહકાર આપીએ અને આપણા ઘરેથી જ સ્વચ્છતાની શરૂઆત કરીએ. પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરીએ, સુકો અને ભીનો કચરો અલગ રાખી અને તેનો યોગ્ય નિકાલ કરીએ. નદી, તળાવ કે જાહેર સ્થળોએ ગંદકી ના કરીએ.

# રોટરેક્ટ ક્લબ ઓફ જૂનાગઢ દ્વારા મનસુખભાઈ વાજાને સેવા એવોર્ડથી સન્માનીત કર્યા



જૂનાગઢ, તા.૧૮

રોટરેક્ટ ક્લબ ઓફ જૂનાગઢ દ્વારા અવિરત નિસ્વાર્થે જનસેવા કરતા એવા શ્રી સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાને જન સેવા એવોર્ડ અર્પણ કરાયો હતો. આ રોટરેક્ટ ક્લબ દ્વારા આવી સેવાની જ્યોત જલાવતા જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ વાજાને જનસેવકનું બિરૂદ આપવામાં આવ્યું. આ પુરસ્કાર તેમને રોટરેક્ટ ક્લબના પ્રમુખ દીપેન ગઢિયા અને વડોદરાના DRR શિવાનીબેન શાહ દ્વારા શ્રી સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખશ્રી મનસુખભાઈને જન સેવાનું બિરૂદ આપી સન્માનિત કરાયા જે રીતે પોતાનું જીવન કારકિર્દી સમાજના કલ્યાણ માટે સમર્પિત કરીને સમાજમાં નિસ્વાર્થ સેવા બજાવનાર સેવક તરીકે કાર્ય કરતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવામાં આવી હતી અને જન સેવા બિરૂદથી સન્માનિત કરાયા હતા.

# જૂનાગઢ જીલ્લાકક્ષા યુવા ઉત્સવ ૨૦૨૩ Youth As Job Creators થીમ ઉપર ૪ નવી સ્પર્ધાઓનું આયોજન

જૂનાગઢ, તા. ૧૮

યુવા ઉત્સવ ૨૦૨૩ની થીમ **"Youth As Job Creator"** અંતર્ગત કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા સ્ટોરી રાઈટીંગ, સ્ટોરી રાઈટીંગ, પોસ્ટર મેકીંગ, ડીકલેમેશન, તથા ફોટોગ્રાફી જેવા વિષયો ઉપર જિલ્લાકક્ષાએ સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવાનું નક્કી કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં 'ખુલ્લો' વિભાગ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના સ્પર્ધકો ભાગ લઈ શકશે. તથા પ્રત્યેક સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા થનારને બારોબાર રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે મોકલવાના રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના અરજીપત્રકો તા.૨૫/૧૦/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં નિયત અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો આધાર પુરાવા સાથે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત મોકલવાની રહેશે. જયારે સ્પર્ધા અંગેનું ફોર્મ **Dydo Junagadh** ફેસબૂક આઈ.ડી ઉપર જોઈ શકાશે એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### ઓકટોબર : 'સ્તન કેન્સર જાગૃતિ માસ'

# સ્તન કેન્સરના ઓપરેશન બાદ બ્રેસ્ટ રિકન્સ્ટ્રકશનથી સારા કોસ્મેટીક પરીણામ મેળવી શકાય : ડો.હર્ષ થાનકી

## સ્તન કેન્સર એ ભારતીય મહિલાઓમાં સૌથી વધુ જોવા મળતુ કેન્સર છે : ડો.અદિતિ થાનકી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

સ્તન કેન્સર એ ભારતીય મહિલાઓમાં સૌથી વધુ જોવા મળતું કેન્સરછે. જેના આંકડા પ્રતિદિન વધી રહ્યા છે. ભારતમાં દર ૪ મિનિટે એક સ્ત્રીમાં સ્તન કેન્સરનું નિદાન થાય છે. જયારે દર ૧૩ મિનિટે એક સ્ત્રી સ્તન કેન્સરથી મૃત્યુ પામે છે,જે અત્યંત ચિંતાજનક વિષય છે.આથી જ ઓકટોબર મહિનાને વિશ્વસ્તરે "સ્તન કેન્સર જાગૃતિ માસ" તરીકે ઉજવવામાં આવે છે,જેથી આ કેન્સર માટે જવાબદાર પરિબળો વિશે જન જાગૃતી કેળવીને તેને થતું અટકાવી શકાય તેમજ શરૂઆતના સ્ટેજમાં નિદાનની "સ્ક્રીનીંગ" પધ્ધતીઓના બહોળા પ્રચારથી તેને વહેલી સારવાર આપી દર્દીને જળમુળમાંથી કેન્સરમુકત કરી શકાય છે.

સ્તન કેન્સર સામાન્ય રીતે ૫૦–૬૦ વર્ષની સ્ત્રીઓમાં જોવા મળે છે. પરંતુ તે નાની વયની સ્ત્રીઓમાં તેમજ પુરૂષોમાં પણ થઈ શકે છે. આ માટે જવાબદાર કારણોમાં મુખ્યત્વે મોટી ઉંમરે માતૃત્વ, બાળકોને સ્તનપાન ના કરાવવુ, મેદસ્વિતા, અમુક અંતઃસ્ત્રાવી દવાઓનો ઉપયોગ, ધુમ્રપાન કે દારૂનું સેવન તેમજ આનુવંશિક પરિબળોનો સમાવેશ થાય છે.

સ્તન કેન્સરની સ્ક્રીનીંગ પધ્ધતીઓ, કે જે રોગના લક્ષણ રહિત વ્યકિતઓમા ખુબ શરૂઆતના સ્ટેજમાં કેન્સરનુ નિદાન શકય બનાવે છે. તેમાં સ્તન સ્વ પરિક્ષણ, સમયાંતરે તબીબી પરિક્ષણ, તથા મેમોગ્રાફીનો સમાવેશ થાય છે તથા સારવારની પધ્ધતીમાં મુખ્યત્વે સર્જરી, રેડિયોથેરાપી અને સીસ્ટેમીક થેરાપી (કીમોથેરાપી, ઈમ્યુનોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી) નો સમાવેશ થાય છે.

સર્જરીએ આ સારવારનો અગત્યનો ભાગ છે જો શરૂઆતના સ્ટેજમાં નિદાન થયુ હોય તો સ્તન કેન્સરની સર્જરી મુખ્યત્વે બે પ્રકારની થઈ શકે છે.(૧) માસ્ટેકટોમી– સંપુર્ણ સ્તનનો ભાગ દુર કરવો અથવા (૨) બ્રેસ્ટ કન્સરવેશન સર્જરી એટલે કે સ્તનના કેન્સરગ્રસ્ત ભાગ અને આસપાસના ભાગને જ દુર કરી બાકીના સ્તનને બચાવી શકાય તેવુ ઓપરેશન. આ સાથે બગલમાં રહેલી લીમ્ફનોડસ (ગાંઠ) પણ સર્જરીથી દુર કરી બયોપ્સી તપાસ કરવામાં આવે છે. જેનાથી કેન્સરનો ચોકકસ સ્ટેજ ખ્યાલમાં આવે છે.આટલુ જ નહિં પણ પ્લાસ્ટીક સર્જરીની તકનીકોથી સ્તનના કોઈપણ ઓપરેશન પછી બ્રેસ્ટ રિકન્સ્ટ્રકશન (પુનઃસ્થાપીત) કરી શકાય છે જેથી સારા કોસ્મેટિક રિઝલ્ટ મેળવી શકાય છે.

આ ઉપરાંત કિમોથેરાપીની સારવાર સર્જરી પુર્વે કે પછી આપવામાં આવે છે, જેના ઉપયોગ અનુક્રમે કેન્સરની ગાંઠ હળવી કરી તેને સર્જરી માટે અનુકુળ બનાવવાનો અથવા સર્જરી પછી સુક્ષ્મસ્તરે રહેલા કેન્સરના કોષોનો નાશ કરી રોગનો ઉથલો મારવાની શકયતા ઘટાડવા માટે થાય છે. જેથી દર્દીના આયુષ્યમાં સુધારો થઈ શકે છે.આ ઉપરાંત ચોથા, છેલ્લા સ્ટેજના દર્દીઓમાં કીમોથેરાપીએ રોગમાં ઘટાડો કરીને દર્દીને રોગના લક્ષણોમાંથી રાહત આપી શકે છે. કીમોથેરાપી ઉપરાંત જે કેન્સરના પ્રકારો અંતઃસ્ત્રાવોને સંવેદનશીલ હોય, તેમાં અંતઃસ્ત્રાવી દવાઓનો ઉપયોગ લાભદાયી હોય છે.

આજે અદ્યતન તકનીકો થકી અમુક સ્તન કેન્સર માટે જવાબદાર જનીનીક ફેરફારોનું પરિક્ષણ શકય બન્યુ છે,જેમના માટે ઉપલબ્ધ ટાર્ગેટેડ થેરાપી દ્વારા વધુ સારા પરિણામો મેળવી શકાયા છે.તેમજ છેલ્લા અમુક વર્ષોમાં વિકસેલી ઈમ્યુનોથેરાપીની સારવાર કે દર્દીના રોગપ્રતિકારક કોષોને કેન્સર સામે લડવા માટે મજબુત બનાવે છે.તે અમુક પ્રકારના સ્તન કેન્સર માટે આર્શિવાદરૂપ સાબીત થઈ છે. ટુંકમાં સ્તનકેન્સરના નિદાનથી ગભરાવાની જરાય જરૂર નથી.વહેલા નિદાન અને સચોટ સારવારથી આ કેન્સરને સંપુર્ણપણે મટાડી શકાય છે તેમજ સારવાર થકી આડઅસરો ઘટવાથી દર્દીને ખુબ સારી "જીવનની ગુણવત્તા" પ્રદાન કરી શકાય છે.



# વીજચોરો સામે તંત્રની લાલ આંખ વેરાવળમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૭

ગીર સોમનાથ જિલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી પાડી છે જેમાં તા.૧૭.૧૦.૨૦૨૩ના આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળના વેરાવળ તથા સુત્રાપાડા તાલુકાની પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૭ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૪૧૫ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૭૭ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૧૮.૬૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યુંછે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કામગીરીમાં બી.ડી.પરમાર અધીક્ષક ઈજનેર જુનાગઢ, વી.એન.કગથરા કાર્યપાલક ઈજનેર વેરાવળ,જે. જે.કાચા નાયબ ઈજનેર વેરાવળ વગેરેએ માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

### રાજકોટ શહેરમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા

# કુમકુમ ગ્રુપ દ્વારા આર્થિક જરૂરિયાતમંદ દિકરીઓને ચણીયાચોલીનું વિતરણ કરાયું : પ્રોત્સાહિત બાળાઓ ઉત્સાહિત

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

રાજકોટના કુમકુમ ગ્રુપ દ્વારા પ્રથમ નોરતે ચામુંડા ગરબી મંડળ, ભગવતીપરાની જરૂરિયાતમંદ પરિવારની ૪૨ બાળાઓને ચણીયાચોલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આર્થિક જરૂરિયાત વાળી દિકરીઓને કુમકુમ ગ્રુપના મનોજ પટેલ દ્વારા ચણીયાચોલીનું વિતરણ કરીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ કાર્યમાં રાજકોટ શહેરના ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, બી ડિવિઝન પીઆઈ બારોટ, ચામુંડા ગરબી મંડળના સવજીભાઈ પરમાર, કુમ કુમ ગ્રુપના મનોજભાઈ પટેલ, રાજુભાઈ પ્રજાપતિ, ભરતભાઈ ઈલાણી, સુરેશભાઈ લાખાણી, મીત કોટડીયા, સંજયભાઈ ગઢવી, અશોકભાઈ ભટ્ટી, અનીતાબેન ચાવડા, નયનાબેન ગોહેલ, કોમલબેન પરમાર, હર્ષદભાઈ સગર, ભારતીબેન સગર, મનસુખભાઈ વિષપરા, જયંતીભાઈ બુધેલીયા, રવિભાઈ પટેલ, મયુરભાઈ સરવૈયા વગેરેએ સેવામાં હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગોવિંદભાઈ મેરીયાએ કર્યું હતું. મહત્વનું છે કે, રાજકોટ શહેરની સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થા કુમકુમ ગ્રુપ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં કુમકુમ ગ્રુપ દ્વારા પર્યાવરણની જાળવણી માટે ૨ લાખ આસપાસ વૃક્ષોનું જતન કરીને ઉછેરવામાં આવ્યા છે. ૪૫ મહારક્તદાન કેમ્પ, જરૂરિયાતમંદ લોકોને અનાજનું વિતરણ, ગરીબ દર્દીઓને દવા, દર ઉનાળા દરમિયાન પંખીઓને પાણીના પીવાના કુંડા, ચકલીના માળા, બર્ડ ફિડરની વિનામૂલ્યે વિતરણ, ચોમાસા દરમિયાન ૧૦,૦૦૦ તુલસીનું અને વૃક્ષોના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. વર્ષ ૨૦૦૧ થી સતત નિઃસ્વાર્થ ભાવે સેવા કરતી સંસ્થા, માનવ સેવા એ જ પ્રભુ સેવા સૂત્રને સાર્થક કરતી સંસ્થા, ડોનેશન વગર કામ કરતી સંસ્થા એટલે કુમકુમ ગ્રુપ.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં સામાજીક આદર્શવાદનાં નામે થતો આડંબર

'જેટલી આબાદી એટલો હક્ક' કોંગ્રેસનો નવો નારો છે. વિચારધારામાં આ અચાનક બદલાવ કેમ? આ એ પક્ષનો નવો નારો કઈ રીતે બન્યો, જેનો પોતાનો ઈતિહાસ પ્રતિનિધિત્વકારી રાજનીતિના સિધ્ધાંતને તોડી-મરોડીને, ઉચ્ચ પદો પર ઊંચી જાતિઓના નેતાઓને સૌથી વધુ તક આપવાનો રહ્યો છે? બેશક, નવ વર્ષ બાદ વિપક્ષ એકજૂટ થવા લાગ્યો છે, પહેલાં વિપક્ષી ગઠબંધન બનાવ્યું અને હવે આ નવો દાવ ચાલ્યા છે. અત્યાર સુધી વિપક્ષનો સત્તારૂઢ પક્ષ પર હુમલો કરવાની મુખ્ય રીત મોદીવિરોધી નિંદા અને અદાણી જેવા પૂંજીપતિઓને ફાયદો પહોંચાડવાનો આરોપ રહ્યા છે અને તેણે હવે આ નવો શાનદાર પેંતરો શોધી લીધો છે, જાતિ-આધારિત જનગણના.

હાલમાં જ એજન્સીઓ દ્વારા પત્રકારો, એક ન્યૂઝ પોર્ટલ સંસ્થાપક અને એક વિપક્ષી સાંસદ તથા અન્ય પર છાપા અને ધરપકડો ચર્ચામાં રહ્યા, વિપક્ષી તેને કેન્દ્રીય સરકારની કથિત હતાશાભરી કાર્યવાહીનું ચિહ્ન હણાવે છે જેથી ગાંધી જયંતીના દિવસે બિહારમાં જાતિ આધારિત જનગણના સર્વેનું પરિણામ જારી કરવાથી પેદા થયેલ સ્થિતિનો તોડ કાઢવા માટે સમય મળી શકે. સરકાર ગભરાયેલી છે કે નહીં, પરંતુ આ સર્વે ચોક્કસ વિપક્ષ દ્વારા રાજકીય સરસાઈ મેળવવાનો નવો પ્રયાસ છે અને તેને ૨૦૨૪ની ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનાવવા માંગે છે અને ભાજપને મજબૂર કરવી કે કાં તો તેને સ્વીકાર કરે કે પ્રતિક્રિયા કરીને નુકસાન વેઠે. પરંતુ શું આ કારગત સાબિત થશે? શું આ મુદ્દો મોદીના વિજય રથને રોકીને પરાજિત કરી શકશે?

ચૂંટણી નિષ્ફળતા સહન કરનારા વિપક્ષ માટે ૩૦ વર્ષ પહેલાં જાતીય ઓળખની રાજનીતિનું ગતકડું સંકટમોચક બન્યું હતું, કારણ કે એ સમય સુધી પણ ગંગાના મેદાની ક્ષેત્રમાં સામંતવાદી માળખું લગભગ યથાવત હતું અને કોંગ્રેસનું તત્કાલીન નેતૃત્વ આ સામંતોનો વિસ્તાર માત્ર હતું. આ સામંતશાહીએ ભારતના સૌથી વધુ આબાદીવાળા રાજ્યમાં મોટી સંખ્યા ધરાવતા વર્ગની સામાજિક-આર્થિક પ્રગતિની સંભાવનાઓને કચડી રાખી હતી અને તેઓ દિલ્હીમાં રિક્ષા ખેંચવા કે પંજાબના ખેતરોમાં મજૂરી કરવા કે ગુજરાતની ફેક્ટરીઓમાં મજૂરી કરવા મજબૂર હતા, આ વ્યવસ્થા તોડવી એ સમયની ઐતિહાસિક જરૂરિયાત હતી. પરંતુ આ દોર ૩૦ વર્ષ પહેલાં હતો અને ત્યારબાદથી ગંગાના મેદાની ક્ષેત્રમાં બ્રાહ્મણોનું રાજ ચાલ્યું ગયું.

આમ થવું દક્ષિણ ભારતમાં પહેલાં જ થઈ ચૂકેલ બદલાવોનો વિસ્તાર માત્ર હતું. જ્યાં સત્તા સક્ષમ વર્ગના હાથમાંથી નીકળીને અપેક્ષાકૃત વંચિત પરંતુ બહુસંખ્યક વર્ગ પાસે ચાલી ગઈ હતી. દક્ષિણ અને ઉત્તર ભારતના આ પ્રયોગો વચ્ચે મોટું અંતર હતું કે બિહાર અને ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ગણતરી ધરાવતી યાદવ જાતિ મુખ્ય લાભાર્થી બનીને ઉભરી. દક્ષિણમાં, બહુસંખ્યા ધરાવતી જાતિઓને સશક્ત કરીને સામાજિક બદલાવ લાવવાનું વાહક કોઈ એક પક્ષ કે સંગઠન બન્યું, પરંતુ તેણે હાંશિયા પર આવતી જાતિઓને પણ સવર્ણ વિરોધી અથવા સીધું કહીએ તો બ્રાહ્મણ વિરોધી લહેર પર સવાર થવાનો મોકો આપ્યો. હાલમાં, તમિલનાડુમાં બ્રાહ્મણ વિરોધી નારો દ્રવિડ રાજનીતિના પ્રથમ પરિવાર માટે, જે ખુદ ગણતરી અનુસાર બહુસંખ્યક જાતિનો નથી, પોતાની પકડ બનાવી રાખવામાં સહાયક છે.

દેખીતું છે, જાતિ રૂપી પૈડાની રચના, તમામ જાતિઓની ધરીઓ વગર અધૂરી રહેશે. તથ્ય છે કે મુખ્યમંત્રી નીતિશ કુમારનો આ નવો મહાન વિચાર પ્રતિનિધિત્વના ફોર્મ્યૂલા પર ખુદ બિહારમાં ઉલટો પડી જશે, કારણ કે સર્વે અનુસાર નીતિશ કુમારની કુર્મી જાતિ પ્રદેશની કુલ આબાદીમાં માત્ર ૨.૧ ટકા છે. આ રીતે 'જેટલી આબાદી એટલો હક્ક'વાળા સિધ્ધાંત અનુસાર મુખ્યમંત્રીનું પદ ૧૪.૨૬ ટકા સંખ્યા ધરાવતા યાદવોનો હક્ક છે. તેથી તેજસ્વી યાદવને તરત પ્રમોશન આપીને મુખ્યમંત્રી બનાવવા જોઈએ અને નીતિશ કુમાર ખુદ ઉપમુખ્યમંત્રી પણ ન રહી શકે, કારણ કે અન્ય જાતિઓની જનસંખ્યા કુર્મીઓથી વધારે છે. ચર્ચા માટે માની લઈએ કે મતદાર પોતાના વોટ વિશુદ્ઘ જાતિ અને અનુસૂચિત જનજાતિ વગેરેના આધાર પર આપે, તો પણ નીતિશ કુમારને તક નથી બનતી, કારણ કે તેઓ સૌથી મોટા સમૂહ એટલે કે અતિ પછાત વર્ગમાંથી નથી.

રાજકીય ઢોંગથી સામાજિક આદર્શવાદ નથી સ્થાપી શકાતો. જાતિ આધારિત જનગણના ત્યારે કારગત માનવામાં આવશે જ્યારે નીતિશ કુમાર રાજીનામું આપે અને સત્તાની કમાન સૌથી વધુ ગણતરી ધરાવતા અતિ પછાત વર્ગ કે યાદવને સોંપી દે. એ કેવી વાત થઈ કે તમે જાતિ આધારિત જનગણના તો કરાવી લો પરંતુ ખુદ સત્તામાં રહેતાં એના પર અમલ ન કરો. આ વિરોધાભાસ ભારતમાં પ્રત્યેક એ પછાત જાતિના નેતાને સતાવશે, જેઓ ગળું ફાડીને રાષ્ટ્રીય સ્તરે જાતિગત જનગણના કરાવવાની માંગ કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને સામાજિક ઉત્થાનના ઝંડાબરદારવાળી પોતાની શાખ બચાવવી હશે તો ખુરશી કોઈ વનિયાર કે થેવર કે ગૌંદર કે બહુસંખ્યક જાતિના નેતાને સોંપવી પડશે. જો તમારી પોતાની જાતિના લોકો પણ બ્રાહ્મણો જેટલી ઓછી સંખ્યામાં છે, તો જાતિ આધારિત જનગણનાનું ઓજાર બ્રાહ્મણ વિરોધી પ્રચારમાં પ્રભાવશાળી કેવી રીતે હોઈ શકે?

જો સત્તામાં હિસ્સો વિશુધ્ધ રૂપે જન્મ-જાતિથી નક્કી થવા લાગશે, તો નીતિશ કુમારનો મુખ્યમંત્રી બનવાનો હક્ક બ્રાહ્મણ (૩.૬૫ ટકા)થી કે રાજપૂત (૩.૪૫ ટકા)થી પણ ઓછો છે. કોંગ્રેસ મામલે તો તે વધુ સંગીન થતો જાય છે. જો કોંગ્રેસ 'જેટલી આબાદી એટલો હક્ક'ના નારા પર અમલ કરે, તો સૌથી પહેલાં તો 'ગાંધી પરિવાર'ને ત્યજી દેવો પડે, જે શહેરી ભારત ઉપરાંત કોઈ જાતિનું પ્રતિનિધિત્વ નથી કરતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ ગણતરીના હિસાબે બહુસંખ્યક એટલે કે અતિ પછાત વર્ગથી નથી પણ અપેક્ષાકૃત ઓછી જનસંખ્યાવાળી અનુસૂચિત જાતિથી આવે છે. કોંગ્રેસનો સૌથી વધુ પ્રતિનિધિ ચહેરો એટલે કે જયરામ રમેશ બ્રાહ્મણ છે, તેથી તેમનો કોઈ મોકો નથી બનતો. આ જ વાત કોંગ્રેસ પાર્ટીના તમામ મહત્ત્વપૂર્ણ મહાસચિવો એ ખજાનચી પર પણ લાગુ થાય.

પછાતોનું રાજકારણ કરવાના બે ઉદ્દેશ્ય હોઈ શકે - સૌથી વધુ સંખ્યા ધરાવતા કોઈ એક જાતિ માટે સત્તા આંચકી લેવી અથવા તો ભાજપને જૂની સામંતશાહી અને બ્રાહ્મણવાદી વ્યવસ્થાની પ્રતીક ગણાવીને હુમલો કરવો. જોકે બંને પેંતરા અજમાવી ચૂકેલા છે. એકમાં, બિહાર-ઉત્તર પ્રદેશ-તમિલનાડુ-અન્ય રાજ્યોમાં, સત્તા એક પારિવારિક ધંધો બની ચૂકી છે અને આ ચાલ હવે એટલી પ્રભાવશાળી નથી રહી. આના કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે કે સંઘ પરિવારે કોંગ્રેસ કે ડાબેરીઓની અપેક્ષાએ સોશ્યલ એન્જિનિયરિંગને રાજકીય ખેલ તરીકે સૌથી વધુ સારી રીતે અપનાવ્યો છે. મોદી રૂપે પછાત જાતિનો ચહેરો આગળ કરનારું તેનું ઉદાહરણ, વિપક્ષ દ્વારા રજૂ કરાયેલ કોઈ અન્ય કરતાં ભારે છે.

જેને પણ આ જૂની બિહારી ફોર્મ્યૂલા પર વિશ્વાસ છે, તેમણે પંજાબમાં થયેલા અસફળ પ્રયોગને યાદ કરી લેવો જોઈએ, જ્યારે રાજ્યમાં સૌથી વધુ ગણતરી ધરાવતી જાતિમાંથી ચરણજિત સિંહ ચન્ની એક સાથે બે ચૂંટણી ક્ષેત્રોમાંથી હારી ગયા હતા, કારણ કે લોકોને બદલાવ જોઈતો હતો, જાતિ નહીં. જ્યારે જાતીય ઓળખની રાજનીતિવાળો નારો ખુદ બેવડા માપદંડોથી ભરેલો હોય, તો તેમાંથી તકવાદની ગંધ આવે છે.

# કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસને જીત અપાવવા માટે કમર કસી



## ગુજરાત કોંગ્રેસ દ્વારા કેટલાક નેતાઓને લોકસભાની વિવિધ સીટની જવાબદારી સોંપવામાં આવી

અમદાવાદ,૧૮

કોંગ્રેસ પણ ભાજપની જેમ લોકસભાની તૈયારીઓ આરંભી દીધી છે. કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસને જીત અપાવવા માટે કમર કસી છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે મોટો નિર્ણય કર્યો છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા કેટલાક નેતાઓને લોકસભાની વિવિધ સીટની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખને લોકસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. આ અગાઉ પ્રમુખ, પુર્વ પ્રમુખ, વિપક્ષના નેતા અને પુર્વ વિપક્ષના નેતાને પણ લોકસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. જેમાં ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને લોકસભા બેઠક સોંપાઈ છે. ઉલ્લેખનીય છે કે, અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વાસનીજી તાજેતરમાં જ ગુજરાતના પ્રવાસે હતા. જેમાં તેમણે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાનો, કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ વિપક્ષ નેતાઓ સાથે વિસ્તૃત બેઠક યોજાઈ હતી. તેમની મુલાકાત બાદ બીજીવાર આ લિસ્ટ જાહેર કરાયું છે. લોકસભા ચૂંટણીને લઈ ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રભારીએ સિનિયર નેતાઓ સાથેની બેઠક બાદ જવાબદારીઓ નક્કી કરી દેવાઈ છે. આ સાથે જ ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓને જિલ્લાવાર જવાબદારીઓ સોંપાઈ છે. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ જિલ્લાનો પ્રવાસ કરી પ્રદેશ પ્રમુખને હવે રિપોર્ટ સોંપશે. જિલ્લાની સ્થાનિક પરિસ્થિતી, સંગઠનની અસરકારતા, ફ્ન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિત વિવિધ કાર્યક્રમો અંગે બેઠક યોજશે. આ બેઠકમાં સ્થાનિક આગેવાનો સાથે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા, સંગઠન, સામાજીક સમીકરણો અને સ્થાનિક પ્રશ્નો બાબતે ચર્ચા કરી એક અહેવાલ તૈયાર કરાશે. લોકસભા ચૂંટણીમાં સિનિયર નેતાઓની જવાબદારી નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો-પૂર્વ પ્રમુખઓ, જે તે લોકસભા બેઠકનો પ્રવાસ કરશે અને ત્યાની સ્થાનિક પરિસ્થિતિ, સંગઠનની અસરકારકતા, ફ્ન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિત વિવિધ કાર્યક્રમો અંગે બેઠકો યોજશે.

### ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલીમાં વધારો

# સંસદમાં પ્રશ્ન માટે લાંચનો મુદ્દો આચાર સંહિતા સમિતી પાસે મોકલાયો

નવી દિલ્હી, તા.૧૮

લોકસભામાં પ્રશ્ન પૂછવા લાંચ લેવાના મામલે ટીએમસીસાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલીમાં વધારો થયો છે. ભાજપ સાંસદે તેમના પર ગંભીર આરોપો લગાવ્યા છે, ઉપરાંત આ મામલો આચાર સંહિતા સમિતી પાસે મોકલાયો છે.

ભાજપસાંસદ નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા વિરુદ્ધ રવિવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો હતો, જેમાં દુબેએ ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા પર સંસદમાં પ્રશ્ન પુછવા એક ઉદ્યોગપતિ પાસે લાંચ લીધી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલો સામે આવ્યા બાદ મોઈત્રાએ આરોપોને રદીયો આપ્યો હતો અને તેમના પર લાગેલા આરોપોની તપાસ કરવા સમિતિ રચવા લોકસભા અધ્યક્ષને વિનંતી કરી. ઉલ્લેખનિય છે કે, ભાજપ સાંસદ વિનોદકુમાર સોનકર લોકસભાની આચાર સંહિતા સમિતીના અધ્યક્ષ છે.

નિશિકાંત દુબેએ લોકસભા અધ્યક્ષને લખેલા પત્રમાં સાંસદ સભ્ય મહુઆ મોઈત્રા પર આરોપ લગાવતા લખ્યું છે કે, તેમણે વિશેષાધિકારનું ગંભીર ઉલ્લંઘન કર્યું છે, સંસદનું અપમાન કર્યું છે. દુબેએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-એહેઠળ એક ગુનામાં મોઈત્રાની સીધી સંડોવણી હોવાનો આરોપ લગાવ્યો છે.

નિશિકાંત દુબેએ એક વકીલ દ્વારા મળેલા પત્રને ટાંકીને કહ્યું હતું કે, વકીલે તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી) નેતા અને એક ઉદ્યોગપતિ વચ્ચે લાંચની લેવડ-દેવડના પુરાવા શેર કર્યા છે. ભાજપ સાંસદે આરોપ લગાવ્યો કે, તાજેતરમાં લોકસભામાં મોઈત્રા દ્વારા પૂછાયેલા ૬૧ પ્રશ્નોમાંથી ૫૦ પ્રશ્નો અદાણી ગ્રૂપ પર કેન્દ્રીત હતા, જેમાં તૃણમુલ સાંસદે વારંવાર ગેરવર્તનનો આરોપ લગાવ્યો છે. મહુવા મોઈત્રાએ દુબેનું નામ લીધા વગર 'એક્સ' પર ઘણી પોસ્ટ શેર કરી હતી અને અદાણી ગ્રુપ પર હુમલા કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ફેક ડિગ્રીવાળા અને ભાજપના અન્ય નેતાઓ સામે વિશેષાધિકાર ભંગના ઘણા મામલા પેન્ડિંગ છે. લોકસભા અધ્યક્ષ દ્વારા તેમના પિન્ડિંગ દરખાસ્તોના નિકાલ કર્યા બાદ મારી વિરુદ્ધ કોઈપણ પ્રસ્તાવનું સ્વાગત છે. ઉપરાંત મારા દરવાજા પર આવતા પહેલા અદાણી કોલસા કૌભાંડમાં ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ) અને અન્ય દ્વારા એફઆઈઆર દાખલ થાય તેની રાહ જોઈ રહી છું.

# હવે ગ્રામ્ય વિકાસ માટે ક્વોલિટી કંટ્રોલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા સરપંચ સંવાદ કાર્યક્રમ શરુ કરાયો

## સરપંચોને એક વિશેષ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવશે, આગામી માર્ચ મહિના સુધી સંવાદનો કાર્યક્રમ ચાલશે




ગાંધીનગર,૧૮

ગામડાઓમાં વિકાસ માટે મુખ્ય આધાર ગામના સરપંચનો હોય છે. ગામનો વિકાસ હોય કે પછી ગામની સામાજીક બાબતો દરેક રીતે સરપંચ ગામના સુંદર વાતાવરણ સર્જવા મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. સરપંચના પદના મહત્વને લઈ હવે ગ્રામ્ય વિકાસ માટે ક્વોલિટી કંટ્રોલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા સરપંચ સંવાદ કાર્યક્રમ શરુ કરાયો છે. જેના દ્વારા સરપંચોને એક વિશેષ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવશે. આ વિશેષ સંવાદનો કાર્યક્રમ આગામી માર્ચ મહિના સુધી ચાલનારો છે. QIC દ્વારા રાજ્યમાં લગભગ ૧૦ હજાર જેટલા સરપંચોને ઉચ્ચ ગુણવત્તાના સંદર્ભમાં તાલીમ પૂરી પાડવામાં આવશે. ગ્રામ્ય સ્તરે પંચાયતનો ગુણવત્તા સભર વહિવટ થઈ શકે અને વિકાસ કાર્યોમાં ગુણવત્તા જળવાય એ માટેનો આ પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં અનેકવાર ફરિયાદો ઉઠતી હોય છે અને જેમાં વિકાસના કાર્યોમાં ગુણવત્તાનો અભાવ જોવા મળતો હોય છે. જોકે તાલુકા અને જિલ્લા સ્તરેથી ગોઠવી દેવાતી એજન્સીઓને લઈ અનેકવાર સવાલો ઉઠ્યા છે. ગ્રામ્ય સ્તરે વહિવટી માળખુ એડમિનિસ્ટ્રેશનની બાબતમાં વધુ સુદ્રઢ બને એ જરુરી છે. આ માટે થઈને અનેકવાર પ્રયાસો કરવામાં આવે છે. જોકે બદલાતા સમય સાથે વખતો વખત વર્તમાન સ્થિતિ મુજબ ગ્રામ વિકાસના માળખાની સુધારણા જરુરી હોય છે. આવી જ રીતે આગામી વર્ષ ૨૦૨૪ ના માર્ચ મહિના સુધી ઊૈંઝ દ્વારા સરપંચોને તાલીમ આપવામાં આવનાર છે. સરપંચ સંવાદ કાર્યક્રમમાં ૧૦,૦૦૦ સરપંચોને જોડવામાં આવનાર છે. મીડિયા રિપોર્ટ મુજબ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેને કહ્યુ હતુ કે, ગુજરાત રાજ્યમાં આવેલ તેમની કચેરી દ્વારા ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોને પણ ગુણવત્તા બાબતને સમજાવશે. એટલે કે ગુજરાતના પાડોશી રાજ્ય રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પણ સરપંચોને ગ્રામ્ય વિકાસ અને વહિવટમાં ક્વોલિટી કંટ્રોલ સંદર્ભમાં તાલીમ આપશે. ગુજરાતના અનેક ગામડાઓ એવા છે, કે જેમણે ગ્રામ્ય સ્તરે વિકાસ કરીને દેશ અને દુનિયામાં ઓળખ સ્થાપી છે. જેમાં સાબરકાંઠાનુ પુંસરી અને દરામલી ઉદાહરણીય વિકાસ કાર્યો કરી ચૂક્યા છે. દરામલીમાં મહિલા સરપંચે ૧૦ વર્ષમાં ગામડાની કાયાપલટ કરતો વિકાસ જ નહીં ગામમાં અનોખી યોજનાઓ દ્વારા શિક્ષણ અને રોજગારી માટે પણ સફળ પ્રયાસ કર્યો હતો. મહિલાઓને પણ ઘરે બેઠા રોજગારી પેદા કરવાનો પણ પ્રયાસ કરીને ગામડાના વિકાસને બદલી દીધો હતો.

# યહૂદી સમુદાય-સ્મારકોને લઈને દેશના અનેક શહેરમાં એલર્ટ

નવી દિલ્હી,તા.૧૮

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચેનું યુદ્ધ હજુ શાંત થવાનું નામ નથી લઈ રહ્યું. એવામાં આ તણાવની સ્થિતિના પડઘા ભારતમાં પણ સંભળાય રહ્યા છે. દિલ્હીથી તેલ અવીવનું અંતર દૂર હોવા છતાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધની અસર અહીં પણ જોવા મળી રહી છે. દિલ્હી, મુંબઈ, હિમાચલ, રાજસ્થાન સહિત દેશના ઘણા રાજ્યોમાં એલર્ટ છે અને યહૂદી સમુદાય સાથે સંબંધિત સ્મારકો અને અન્ય સ્થળોની સુરક્ષા કડક કરવામાં આવી છે. દિલ્હી પોલીસ ઈઝરાયેલની દૂતાવાસ અને રાજદ્વારીઓને કડક સુરક્ષા પૂરી પાડી રહી છે. આ સિવાય પહાડગંજના ચાબડ હાઉસમાં પણ પોલીસ સ્ટેન્ડબાય પર છે, જ્યાં મોટી સંખ્યામાં યહૂદીઓ આવે છે. એટલું જ નહીં, મોટી સંખ્યામાં ઈઝરાયેલ પ્રવાસીઓ હિમાચલ પ્રદેશ, ગોવા, મુંબઈ અને રાજસ્થાનના પુષ્કરની પણ મુલાકાત લે છે.

ભારતમાં જ્યાં યહૂદીઓની વસતી વધુ છે તેવા તમામ સ્થળોએ પોલીસને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. યહૂદી સમુદાયના લોકો અને તેમની સાથે જોડાયેલા સ્મારકો પર હુમલાની આશંકા છે. હિમાચલના મનાલી અને ધર્મશાળામાં યહૂદી વસાહતોની સુરક્ષા મજબૂત કરવામાં આવી છે. આ સિવાય મુંબઈમાં વહીવટીતંત્ર પણ એલર્ટ પર છે. આ સિવાય ભારતમાં યહૂદી સમુદાય સાથે સંકળાયેલા લોકોની ખાનગી સંસ્થાઓને પણ પૂરતી સુરક્ષા આપવામાં આવી છે. જો કે, યુદ્ધ ફાટી નીકળ્યા પછી મોટી સંખ્યામાં ઈઝરાયલીઓ તેમના દેશમાં પાછા ફર્યા છે. તેનું કારણ એ છે કે ઈઝરાયેલમાં સામાન્ય નાગરિકોને પણ સૈન્ય તાલીમ આપવામાં આવે છે અને તેઓ અનામત સૈનિકોની શ્રેણીમાં આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનની પ્રમાણિક્તાથી વધારે પવિત્ર બીજું કંઈ જ નથી.

- ઈમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૪ વિનાયક ચતુર્થી તા.૧૮ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨, અનુરાધા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભ:નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુન:પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્ક: શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યા: માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલા: અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિક:મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકર: મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીન: મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# નવરાત્રીના ચોથા દિવસે કુષ્માંડા માતાજીની પૂજા કરવામાં આવે છે

નવરાત્રીમાં ચોથા દિવસે નવદુર્ગા માતાજીના "કુષ્માંડા" સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે. દેવી કુષ્માંડાની પૂજા કરવામાં આવે છે. મા કુષ્માંડા તેજની દેવી છે અને એવું માનવામાં આવે છે કે તેમની પૂજાકરવાથી ખ્યાતિ, શક્તિ અને બુદ્ધિ વધે છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, કુષ્માંડા માતાજીને અષ્ટભુજા દેવી તરીકે પૂજવામાં આવે છે. તેમના હાથમાં કમંડલ, કમળ, અમૃતમય કળશ, ચક્ર, ગદા, ધનુષ્ય, બાણ અને માળા હોય છે. માતા કુષ્માંડા વાઘની સવારી કરે છે અને લીલો રંગ માતાને ખૂબ જ પ્રિય છે. તેથી તેમની પૂજામાં લીલો રંગ ધારણ કરવો ખૂબ જ શુભ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે કે માતા કુષ્માંડાને માલપુઆ ભોગ ચઢાવવાથી સાધકને વિશેષ લાભ મળે છે.

# શું આપણાં પાડોશી લાલ ગ્રહની સપાટી અને ભ્રમણકક્ષામાંથી લેવામાં આવેલા ફોટા મંગળ ઉપર જીવન છે એવો સંકેત આપે છે ?

નવી દિલ્હી તા.૧૮

અવકાશ સંશોધનમાં ઘણી પ્રગતિ થઈ રહી છે અને ગ્રહોમાં, મંગળ ગ્રહ એ ઘણા સંશોધનો અને પ્રોજેક્ટ્સનું કેન્દ્રબિંદુ રહ્યું છે કારણ કે તે એક એવો ગ્રહ છે જેમાં મનુષ્યો માટે રહેવાની સૌથી વધુ સંભાવના ધરાવે છે. પરંતુ હજી પણ ઘણી બધી વસ્તુઓ છે જે આપણે આ લાલ ગ્રહ વિશે જાણતા નથી. અને મંગળની સપાટી અને ભ્રમણકક્ષામાંથી કેપ્ચર કરાયેલી તસવીરોએ UFO ઉત્સાહીઓ અને નિષ્ણાતોને આશ્ચર્યચકિત કરી દીધા છે કે, શું મંગળ ઉપર ખરેખર જીવન શક્ય છે ? માર્સ ક્યુરિયોસિટી રોવરે ૨૦૧૪માં તેના માસ્ટર કેમેરા વડે આ છબી કેપ્ચર કરી હતી. તેમાં કોઈ વ્યક્તિના ખડકો વચ્ચેની એક આકૃતિ દર્શાવી હતી જે માનવ હાડકા જેવી દેખાતી હતી. શું તેનો અર્થ એ છે કે આ અવશેષો મંગળ ઉપર જીવન સૂચવે છે ? વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ એક ખડક સિવાય બીજું કંઈ નથી. જો મંગળ ઉપર ક્યારેય જીવન અસ્તિત્વમાં હોય, તો તે નાના સરળ જીવન સ્વરૂપો હશે. કેટલાક એવો પણ દાવો કરે છે કે મંગળ ઉપર પિરામિડની હાજરી એ એલિયન સભ્યતા તરફથી મોકલવામાં આવેલો સંદેશ છે. પરંતુ માર્સ ક્યુરિયોસિટી પ્રોગ્રામના ડૉ. જિમ બેલે આ સિદ્ધાંતોને રદિયો આપ્યો અને દાવો કર્યો કે પિરામિડ વાસ્તવમાં માત્ર એક ખડક છે. ૨ અને ૩ એપ્રિલ, ૨૦૧૪ના રોજ માર્સ ક્યુરિયોસિટી રોવર દ્વારા કેપ્ચર કરવામાં આવેલ પ્રકાશનો એક રહસ્યમય અને તેજસ્વી ફ્લેશ જોયો હતો. બે અલગ-અલગ દિવસે બે ફોટામાં તેજસ્વી પ્રકાશ દેખાયો તે હકીકતથી UFO ચાહકો માને છે કે તે જીવનનો સંકેત હતો. જસ્ટિન માકીએ જણાવ્યું હતું કે તેજસ્વી પ્રકાશ સૂર્યપ્રકાશને પ્રતિબિંબિત કરતી ખડકની સપાટી છે. માર્સ સ્પિરિટ રોવરની ૨૦૦૭ની તસવીર મંગળની સપાટી ઉપર કેટલીક ખડકોની રચનાઓ દર્શાવે છે. આ ખડકોની રચનાઓમાંથી એક બિગફૂટ અથવા અમુક પ્રકારના કદ જેવી દેખાતી હતી. અનેક લોકો એવો દાવો કરે છે કે આ એલિયન્સ દ્વારા મૂકવામાં આવેલી સ્ત્રી પ્રતિમા હતી. પરંતુ પ્લેનેટરી સોસાયટી કહે છે કે તે માત્ર એક સામાન્ય ખડક હતો જે ઓપ્ટિકલ ભ્રમ પેદા કરે છે. કેટલાક સિદ્ધાંતવાદીઓ માને છે તેમ શ્યામ અને સરળ સપાટીવાળા ખડક એ એલિયન ઈંડા ન હતા. લેસર પલ્સ વડે તપાસ કરવામાં આવી હતી, જેણે પુષ્ટિ કરી હતી કે તે આયર્ન અને નિકલમાંથી બનેલી ઉલ્કા છે. ૨૦૧૫માં માર્સ ક્યુરિયોસિટી રોવર દ્વારા કેપ્ચર કરાયેલ એક છબીમાં એક પ્રાણી ખડકોની વચ્ચે છૂપાયેલ જેવો દેખાતો હતો. જ્યાં પાણી હોય છે ત્યાં જીવન હોય છે. તો, શું આ લાલ ગ્રહ પર પાણી છે ?

આપણે જાણીએ છીએ કે સપાટીના કેટલાક ભાગો સ્થિર છે અને જ્યારે તે ગરમ થાય છે ત્યારે વસ્તુઓ ઓગળી શકે છે. પરંતુ ૨૦૧૮માં, વૈજ્ઞાનિકોને વાસ્તવમાં મંગળ ઉપર પ્રથમ વખત પ્રવાહી પાણીનું આખું તળાવ મળ્યું હતું. મંગળના દક્ષિણ ધ્રુવ ઉપર માર્ટિયન લેક સ્થિર બરફ હેઠળ જોવા મળે છે. આઈસ પેનિટ્રેટિંગ રડારની મદદથી તેને ભ્રમણકક્ષામાંથી શોધી કાઢવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે તળાવ ઉજ્જડ અને ક્ષારથી ભરેલું છે તેથી આ પાણીમાં કોઈ જીવંત પ્રાણી ન રહી શકે. દરેક વ્યક્તિ એ વિચારીને ઉત્સાહિત હતા કે અગાઉની થિયરી સાચી હતી અને આ અવશેષ છે સાબિત કરે છે કે મંગળ ઉપર જળચર જીવન હતું. પરંતુ નાસાએ કહ્યું કે આ માછલીના આકારનો ખડક છે. યુરોપિયન સ્પેસ એજન્સીના એક્સપ્રેસ ઓર્બિટરે મંગળની એક તસવીર કેપ્ચર કરી છે. લોકો માનતા હતા કે આ લાલ ગ્રહ ઉપર સક્રિય જ્વાળામુખી હોવાનો સંકેત છે. નાસાની ઓપોર્ચ્યુનિટી રોવર ટીમના સભ્ય ડૉ. તાન્યા હેરિસને આ દાવાને ફગાવતા કહ્યું કે આ ધુમાડો નથી. તે માત્ર જ્વાળામુખીના શિખર ઉપર પાણીના બરફના વાદળો છે. હકીકતમાં, આર્શિયા મોન્સ છેલ્લી વખત ૫૦ મિલિયન વર્ષો પહેલા સક્રિય હતા.

માર્સ રિકોનિસન્સ ઓર્બિટરએ મંગળની સપાટી ઉપર વિચિત્ર રચનાઓનો ફોટો લીધો. કેટલાક લોકોના મતે, આ રચનાઓ આપણે મનુષ્યો જેને મોર્સ કોડ તરીકે ઓળખીએ છીએ તેના જેવી જ હતી. શું ત્યાં મંગળવાસીઓ અમને સંદેશા મોકલે છે ? મંગળ ઉપર બહારની દુનિયાનું જીવન હોવાનું માનનારાઓમાં આ તસવીરે ભારે હલચલ મચાવી હતી. આ આકાર રણમાં ઈગુઆના જેવું લાગે છે. નિષ્ણાતોએ આ સિદ્ધાંતોને ફગાવી દીધા કે તે એક ખડક સિવાય બીજું કંઈ નથી પરંતુ યુએફઓ ડેઈલી સાઈટિંગ્સના સ્કોટ વોરિંગ અનુસાર, આને પુરાવા તરીકે માનવા જોઈએ કે મંગળ ઉપર જીવન છે. મંગળ ઉપરનો સૌથી પ્રખ્યાત ખડક એ ખનિજોથી બનેલો છે જે આપણા ગ્રહના મૂળમાં પણ જોવા મળે છે અને નિષ્ણાતોએ હજી સુધી નક્કી કર્યું નથી કે આવું શા માટે છે. શું મંગળ ખરેખર પૃથ્વી જેવો જ છે ? આ ખડક જેક માટીજેવિચ ખડક તરીકે ઓળખાય છે. જેક માટિજેવિચ કોણ છે ? તે નાસાના એન્જિનિયર છે જેમણે સોજોર્નર, ઓપોર્ચ્યુનિટી, સ્પિરિટ અને ક્યુરિયોસિટી રોવર્સનો વિકાસ કર્યો છે અને આ મશીનોએ મંગળ વિશે સંશોધનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.



નાસાએ શોધ્યું છે કે તેની સપાટી ઉપર એક છિદ્ર છે અને માત્ર એક સામાન્ય છિદ્ર જ નહીં આ એક સંપૂર્ણ વર્તુળ છે. આ છિદ્ર માત્ર ભ્રમણકક્ષામાંથી જ જોવા મળતું હતું. સંશોધકોએ નિર્ધારિત કર્યું છે કે આ વિચિત્ર રીતે સંપૂર્ણ દેખાતું છિદ્ર સો મીટરનું છે. છિદ્રની આસપાસની રચનાઓ સ્થિર કાર્બન ડાયોક્સાઈડ છે. નિષ્ણાતોના મતે, મંગળ પર જ્વાળામુખી છે અને એવું માનવામાં આવે છે કે કેટલાક સક્રિય પણ છે. શું મંગળ ઉપર હીરા હોઈ શકે ? શું આપણે ભવિષ્યમાં પણ ખાણકામ કરી શકીએ ? નિષ્ણાતો વિચારે છે. સંશોધકોએ પુષ્ટિ કરી છે કે માટીમાં ચમકતી વસ્તુ મંગળ ઉપરના ભૂસ્તરશાસ્ત્રનો માત્ર એક ભાગ છે. વાવાઝોડા એ એકમાત્ર કુદરતી આફતો છે જે મંગળ ઉપર થાય છે. પૃથ્વીની જેમ જ મંગળ ઉપરનો બરફ જ્યારે હવામાન ગરમ થાય છે ત્યારે પીગળે છે. બરફ કાર્બન ડાયોક્સાઈડમાંથી બનેલો છે અને એકવાર સ્થિર કાર્બન ડાયોક્સાઈડ ઓગળવા લાગે છે, મંગળની ખડકો ઉપર હિમપ્રપાત થઈ શકે છે. આ મંગળ હિમપ્રપાત ૨૦૧૦માં દેખાયો હતો. ૨૦૧૩માં, માર્સ ક્યુરિયોસિટી રોવરે સપાટી ઉપરથી ચોંટેલા ધાતુના ટુકડા જોયા હતા. મંગળ વિશે આપણે જે જાણીએ છીએ તેમાંથી મોટા ભાગની સપાટી ઉપર કેપ્ચર કરેલી છબીઓ ઉપર આધારિત છે પરંતુ જો ભૂગર્ભમાં બીજું કંઈક હોય તો શું ? નાસાએ અલબત્ત આ સિદ્ધાંતને ફગાવી દીધો છે. તેઓ કહે છે કે આ ચળકતી વસ્તુ ઉલ્કાપિંડનો ટુકડો અથવા માત્ર પ્રકાશ પ્રતિબિંબિત ખડક છે. વાઈકિંગ ૧ અને ૨ ઓર્બિટર્સ દ્વારા લેવામાં આવેલા ફોટામાં, લોકોએ એક એવી રચના તરફ ધ્યાન દોર્યું જે માનવ ચહેરા જેવું દેખાતું હતું. આ મંગળની સપાટી ઉપર ઓળખાતા સૌથી પ્રસિદ્ધ "ચહેરાઓ" પૈકી એક છે. આ છબીઓ ઓછા રીઝોલ્યુશનમાં હતી. એકવાર નજીકથી જોવા માટે ઉચ્ચ-રિઝોલ્યુશન છબી લેવામાં આવી હતી અને નક્કી કરવામાં આવ્યું હતું કે આ માત્ર એક પર્વતીય માળખું છે અને ઉચ્ચ-રિઝોલ્યુશન છબી બતાવે છે કે તે માનવ ચહેરા જેવું દેખાતું નથી. મંગળની સપાટીની બીજી એક છબી જેણે વૈજ્ઞાનિકોને ચોંકાવી દીધા છે તે આ વાદળી ગોળાકાર ખડકો છે. નાસાના નિષ્ણાતોએ હજી પણ આ બ્લુબેરી જેવા ખડકો શું છે તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. મંગળ પર રેતીના ટેકરા સામાન્ય છે પરંતુ એક ખાડો તેમાં એક દુર્લભ રૂપરેખા ધરાવે છે. નિષ્ણાતો માને છે કે આ ખાડામાંથી રેતીને ઉડવામાં હજારો વર્ષોનો સમય લાગશે.

# સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ લંબાવવામાં આવશે

**વધુ ત્રણ વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬-૨૭ સુધી યોજના લંબાવવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નિર્ણય**



ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શહેરી જનજીવન સુખાકારીમાં વૃદ્ધિ માટેનું વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરીને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ લંબાવવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં વધતા જતા શહેરીકરણને પગલે શહેરીજનોની માળખાકીય સુવિધાઓ-જરૂરિયાત પૂર્ણ કરવાના હેતુથી ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના સ્વર્ણિમ જયંતિ અવસરે ૨૦૦૯-૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવેલી છે. આ યોજનામાં ભૌતિક આંતર માળખાકીય સુવિધા અન્વયે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, જળસંચય અને લેક બ્યુટીફિકેશનનાં કામો, શહેરી સડકનાં કામો, પાણી પુરવઠા ગટર-વ્યવસ્થાનાં કામો તેમજ સ્ટ્રીટ લાઈટનાં કામો, વગેરે માટે નગરો મહાનગરોમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એટલું જ નહીં, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ અન્વયે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, આંગણવાડી, લાઈબ્રેરી કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિતની સુવિધાઓના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અર્બન મોબિલિટી અંતર્ગત આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી શહેરી બસસેવા, ટ્રાફિક મેનેજમેન્ટ, રેલવે ઓવરબ્રિજ, અંડર બ્રિજ, રિંગ રોડ, ફ્લાયઓવર બ્રિજ અને અંડરપાસ જેવાં કામો હાથ ધરી શકાય છે. આ ઉપરાંત શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામોમાં હેરિટેજ એન્ડ ટુરિઝમ, એક્ઝિબિશન હોલ, પંચશક્તિ થીમ આધારિત ટ્રાફિક આઈલેન્ડ્સ, રીવરફ્રન્ટ, વોટર બોડી, લેન્ડસ્કેપિંગ, સાયન્સ સેન્ટર, પ્લેનેટોરિયમ, મ્યુઝિયમ, એમ્ફી થિયેટર, વગેરેનાં કામોનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો છે.

રાજ્ય સરકારે નગરો મહાનગરોમાં આવા અંદાજે ૨ લાખ ૮૪ હજારથી વધુ કામો માટે રૂપિયા ૪૮ હજાર ૭૩૬ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે. આ ફ્લેગશીપ યોજના માટે અત્યાર સુધીમાં ૫૭ હજાર કરોડનું બજેટ પ્રાવધાન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજનાને મળી રહેલા વ્યાપક લોક સમર્થન તેમજ નગર સુખાકારીનાં વિવિધ કામોમાં યોજનાના લાભોની જરૂરિયાત સંદર્ભમાં આ ફ્લેગશીપ યોજના વધુ ત્રણ વર્ષ ચાલુ રાખવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ જન હિતકારી નિર્ણયને પરિણામે હવે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬-૨૭ સુધીના વધુ ત્રણ વર્ષ માટે અમલમાં રહેશે.

# અફઘાનિસ્તાનમાં એક અઠવાડિયામાં ત્રીજો ભૂકંપ આવ્યો

(એજન્સી) તા.૧૮


રવિવારે સવારે પશ્ચિમ અફઘાનિસ્તાનમાં અન્ય એક ભયાનક ભૂકંપ આવ્યો હતો. આ એજ વિસ્તારમાં છે જ્યાં ગયા સપ્તાહના અંતમાં શ્રેણીબદ્ધ શક્તિશાળી આંચકાથી એક હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૮:૦૦ કલાકે આવ્યો હતો, જેનું કેન્દ્ર એ સમાન નામના પશ્ચિમ પ્રાંતની રાજધાની હેરાત શહેરથી ૩૩ કિલોમીટર (૨૦ માઈલ) ઉત્તર પશ્ચિમમાં હતું. ૨૦ મિનિટ પછી ૫.૫ની તીવ્રતાનો આફ્ટરશોક આવ્યો હતો. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ હજુ પણ વિનાશના સ્કેલની તપાસ કરી રહ્યા છે. હેરાત પ્રાદેશિક હોસ્પિટલના મુખ્ય ડોકટર અબ્દુલ કાદીમ મોહમ્મદીએ એએફપી સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૯૩ ઘાયલ અને એક મૃત વ્યક્તિ અંગે માહિતી મળી છે. પ્રાદેશિક ગવર્નરના પ્રવક્તાએ ઘાયલોની સંખ્યા ૩૫ ગણાવી છે. એએફપી ન્યૂઝ એજન્સીના પત્રકારે જણાવ્યું હતું કે, મોટાભાગના રહેવાસીઓ પ્રદેશમાં ભૂકંપની શ્રેણી શરૂ થયાના એક અઠવાડિયા પછી બહાર સૂતા હતા અને રાત્રે તેમના ઘરો આફ્ટરશોક્સથી ધ્રૂજી ઊઠે છે. અગાઉના ભૂકંપમાં એક હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. ૭ ઓકટોબરના રોજ હેરાતના સમાન ભાગમાં ૬.૩ની તીવ્રતાનો બીજો ભૂકંપ અને આઠ શક્તિશાળી આફ્ટરશોક્સ આવ્યા હતા જેનાથી અનેક ગ્રામીણ ઘરો પડી ગયા હતા. તાલિબાન સરકારે જણાવ્યું હતું કે, ગયા સપ્તાહના આંચકામાં ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા, જ્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ શનિવારે મોડી રાત્રે આ આંકડો લગભગ ૧૪૦૦ કહ્યો હતો. યુએન અધિકારીઓએ ગુરૂવારે અહેવાલ આપ્યો હતો કે, એક અઠવાડિયા પહેલા માર્યા ગયેલા ૯૦%થી વધુ લોકો મહિલાઓ અને બાળકો હતા. હજારો લોકો આ ભૂકંપથી પ્રભાવિત થયા છે. WHOનું કહેવું છે કે, લગભગ ૨૦,૦૦૦ લોકો આ આફતોથી પ્રભાવિત થયા છે. ઓકટોબર ૭ના પ્રારંભિક ભૂકંપ, અસંખ્ય આફ્ટરશોક્સ અને બુધવારે બીજા ૬.૩ તીવ્રતાના ભૂકંપથી ગામડા સપાટ થઈ ગયા હતા અને સેંકડો માટી-ઈંટના ઘરો નાશ પામ્યા હતા. શાળાઓ, આરોગ્ય દવાખાના અને ગામની અન્ય સુવિધાઓ પણ પડી ભાંગી હતી. આ વિનાશ પછી કાટમાળ અને અંતિમ સંસ્કાર ઉપરાંત આ પ્રદેશની ધૂળવાળી ટેકરીઓમાં ગામડાઓમાં કોઈ બચ્યું ન હતું. આ પહેલા ભૂકંપના આંચકા પાડોશી દેશ ઈરાનમાં પણ અનુભવાયા હતા. ભૂકંપ ઝોનથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર ઈરાનના મશહાદના મહાનગરના રહેવાસીઓએ જણાવ્યું કે, ઘરોની દીવાલો ધ્રૂજી રહી હતી. પશ્ચિમ અને મધ્ય અફઘાનિસ્તાનમાં ધરતીકંપો વારંવાર આવે છે અને મોટાભાગે અરેબિયન અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો એકબીજાની સામે ટકરાય છે તેના કારણે આ ભૂકંપ થાય છે. તાલિબાન શાસન હેઠળ પીડિતો માટે સહાય મળવી મુશ્કેલ છે. દેશના તાલિબાન સત્તાવાળાઓ માટે લોકોને મોટાપાયે આશ્રય આપવો એ એક પડકાર છે.

# વડાપ્રધાન મોદી ફરી એકવાર આવશે ગુજરાત : એકતા પરેડમાં સહભાગી થશે

ગાંધીનગર, તા.૧૮

આગામી ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી કેવડિયા કોલોની ખાતે આયોજિત એકતા પરેડમાં હાજરી આપશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યા બાદ ૩૧મી ઓક્ટોબરે નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે જાહેર કર્યો હતો. ત્યારથી દર વર્ષે એકતા દિવસની ઉજવણી થાય છે અને તેમાં તેઓ ખાસ ઉપસ્થિત રહે છે વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા પરેડમાં હાજરી આપી હતી. ત્યારે આ વર્ષે પણ પીએમ મોદી આ કાર્યક્રમમાં હાજર રહેશે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા પરેડની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આ વર્ષે ફરીથી વર્ષ ૨૦૨૩માં નરેન્દ્ર મોદી એકતા પરેડમાં હાજરી આપવા માટે એકતા નગર ખાતે ૩૧ ઓક્ટોબરના રોજ આવી રહ્યા છે. તેઓનો આ પ્રવાસ ગોઠવાતા રાજ્યમાં અન્ય કાર્યક્રમો પણ તેમને લઈને જોડાય તેવી શકયતાઓ જોવાઈ રહી છે. આ એકતા પરેડમાં સી.આઈ.એસ.એફ, બી.એસ.એફ, ગુજરાત પોલીસ, એન.સી.સી, દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓ ઉપસ્થિત રહેશે તેમજ દેશના અલગ અલગ રાજ્યોમાંથી કલ્ચરલ પ્રોગ્રામ માટે એકતા નગર ખાતે અનેક કલાકારો પણ પહોંચશે.

# તાજમહેલ હવે આકાશમાંથી જુઓ, ટુરિસ્ટને હવે આગ્રામાં હોટ એર બલૂનની સુવિધા મળશે એ પણ ચાલુ અઠવાડિયાથી



આગ્રા તા.૧૮

ઉત્તરપ્રદેશના તાજમહેલમાં હોટ એર બલૂન શહેરમાં એક નવા સાહસનું સાક્ષી બનશે. પ્રવાસીઓ ૨૦૦ ફૂટની ઉંચાઈ ઉપર હવામાં લગભગ ૩.૫ કિમી દૂરથી તાજમહેલ, આગ્રાનો કિલ્લો અને મહતાબ બાગ જોઈ શકશે. એક સમયે આઠ પ્રવાસીઓ એક બલૂનમાં મુસાફરી કરી શકશે. તાજ કાર્નિવલમાં તેની મજા માણી શકાશે. આવતા અઠવાડિયે તેની શરૂઆત થવા જઈ રહી છે. જેથી પ્રવાસીઓને હોટ એર બલૂન દ્વારા આકાશમાંથી પણ તાજ મહેલ જોવાની સારી એવી તક મળશે. આગ્રા ડેવલપમેન્ટ ઓથોરિટી (ADA) શહેરમાં પ્રવાસીઓને આકર્ષવા માટે એક નવી આકર્ષણ પહેલ શરૂ કરવા જઈ રહી છે. એક તરફ હોટ એર બલૂન પ્રવાસીઓને નવો એરિયલ રોમાંચ આપશે તો બીજી તરફ રાત્રી રોકાણ વધશે. એડીએ આ માટે ટેન્ડર બહાર પાડ્યું છે. પ્રથમ તબક્કામાં ઉત્તરાખંડ, દક્ષિણ ભારત અને રાજસ્થાનમાંથી ત્રણ વિક્રેતાઓ આવ્યા છે. જેમની ટેકનિકલ તપાસ ચાલી રહી છે. ADAના વાઈસ પ્રેસિડેન્ટ ચારચરત ગૌરનું કહેવું છે કે હોટ એર બલૂન માટેના ટેન્ડરને નવેમ્બરના અંત સુધીમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવી શકે છે. સૂચિત માર્ગ લગભગ ૩.૫ કિ.મી.નો છે. હશે. પવનની દિશા પર ઘણું નિર્ભર રહેશે. બલૂનમાં એલપીજી ગેસનો ઉપયોગ કરવામાં આવશે. જે પેઢી અથવા વેન્ડરને ટેન્ડર મળશે તેણે એરપોર્ટ ઓથોરિટી, સંરક્ષણ મંત્રાલય અને અન્ય સંબંધિત વિભાગો પાસેથી એનઓસી મેળવવાની રહેશે. તાજમહેલ ઉપરથી હોટ એર બલૂન નહીં ઉડે. બલૂનનો ઉડ્ડયન માર્ગ વક્ર બનાવવામાં આવશે. તાજમહેલથી લગભગ એક કિમી દૂર યમુના કિનારે એક સ્થળ ચિહ્નિત કરવામાં આવશે. જ્યાંથી બલૂન ઉપડશે. મહતાબ બાગ થઈને યમુના નદી ઉપર હાથી ઘાટ પહોંચશે. આગ્રાના કિલ્લા અને મહતાબની એરિયલ ફોટોગ્રાફી અહીંથી કરી શકાય છે. પ્રવાસીઓ તાજમહેલની ઉડતી વખતે તેની તસવીરો લઈ શકશે. હોટ એર બલૂન માટે એક મહિનાનો સમય લાગશે, પરંતુ તેનો અહેસાસ આપવા માટે, શિલ્પગ્રામમાં ૧૭ ઓક્ટોબરથી શરૂ થનારા તાજ કાર્નિવલમાં એર બલૂનને દોરડાથી બાંધીને ઉડાડવામાં આવશે. તાજ કાર્નિવલમાં પાંચ દિવસ સુધી એર બલૂન રાઈડ યોજાશે. તાજ કાર્નિવલ ૨૫ નવેમ્બર સુધી ચાલશે.

# ઓકટોબરના અંત સુધીમાં જ્ઞાન સહાયકના નિમણૂંક હુકમો અપાશે

અમદાવાદ, તા.૧૮

જ્ઞાન સહાયક ભરતી પ્રક્રિયા હાલમાં અંતિમ તબક્કામાં છે અને હવે ઓક્ટોબર માસના અંત સુધીમાં પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયકોના ભરતીના ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે. મંગળવારના રોજ શાળા પસંદગી માટેની મુદત પૂર્ણ થયા બાદ નિમણૂક માટેના હુકમો ઈશ્યુ કરવાની કામગીરી હાથ ઉપર લેવાશે. જેમાં ચાલુ માસના અંત સુધીમાં પ્રાથમિક અને માધ્યમિકમાં જ્ઞાન સહાયકોના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી માટેની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં ઓક્ટોબર માસના અંત સુધીમાં જ્ઞાન સહાયક માટેના નિમણૂકના હુકમો આપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# અમેરિકાની લેબગ્રોન ડાયમંડ કંપનીએ નાદારી નોંધાવતા હીરા ઉદ્યોગમાં હડકંપ મચી ગયો

સુરત, તા.૧૮

અમેરિકામાં માનવસર્જિત હીરા લેબગ્રોન ડાયમંડનું વેચાણ અને ઉત્પાદન કરનાર વિશ્વની બીજા ક્રમાંક કંપની 'WD Lab Grown Diamonds'એ નાદારી નોંધાવતા હીરા ઉદ્યોગમાં હડકંપ મચી ગયો છે. અમેરિકાના અખબારના અહેવાલ મુજબ LGD સેક્ટરમાં વધુ પડતા ઉત્પાદનને કારણે નુકસાન થયું છે અને ઉત્પાદિત હીરાના ભાવમાં ભારે ઘટાડો થયો છે. લેબમાં તૈયાર આવેલા હીરાના ભાવ માત્ર સાત વર્ષમાં એક કેરેટ માટે ત્રણ ગણાથી વધુ ઘટી ગયા છે, કારણ કે, ઉત્પાદકોએ ઓવર પ્રોડક્શન કરી બજારની સ્થિતિ બગાડી છે. સ્થિતિ એવી બની છે કે, મેનહટનની ફુટપાથ ઉપર લેબગ્રોન ડાયમંડ વેચાઈ રહ્યા છે. અહેવાલ અનુસાર WD લેબગ્રોન ડાયમંડ્સનું આઘાતજનક પતન જાહેર કરવામાં આવ્યું હતું. આ કંપનીએ તાજેતરમાં ડેલવેર નાદારી કોર્ટમાં ચેપ્ટર ૭ હેઠળ નાદારી નોંધાવી હતી. કોર્ટના દસ્તાવેજોને ટાંકીને અખબારે અહેવાલ આપ્યો કે WDએ ભારત, ચીનની પાર્ટીઓને ડૉલર-૪૪ મિલિયન ૧૦૦થી ૧૯૯ પાર્ટીઓને ચૂકવવાના છે પણ તેની પાસે માત્ર કુલ ૩ મિલિયન યુએસ ડૉલરની અસ્કયામતો બચી છે. LGD મેન્યુફેક્ચરિંગમાં સંકળાયેલી અસંખ્ય કંપનીઓ શરૂ થતાં સુરત LGD હીરાના ઉત્પાદનના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. જો કે, સુરતની LGD કંપનીઓ ભાવમાં તીવ્ર ઘટાડા બાદ સંઘર્ષ કરી રહી છે. એલજીડી હીરા જે એક સમયે કેરેટ દીઠ ૪૦૦ ડૉલરના ભાવે વેચાતા હતા. તે હવે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રતિ કેરેટ ૩૦ ડૉલર કરતા પણ ઓછા ભાવે મળી રહ્યા છે. એક પીઢ હીરા ઉદ્યોગના નિષ્ણાતે ટિપ્પણી કરી, સુરત હીરા ઉદ્યોગ લેબગ્રોન ડાયમંડના વ્યાપ વધ્યા પછી આફતથી પીડાઈ રહ્યો છે. 'ઝાઝા રસોઈયા રસોઈ બગાડે' એવો ઘાટ સર્જાયો છે. સુરતમાં ૫૦થી વધુ મોટા અને નાના LGD હીરા ઉત્પાદકો પૈકી મોટાભાગના લોકોએ બેંક લોન લીધી છે, એ જોતા બેંકોનાં ધિરાણ સામે મૂડી ઘસાઈ ગઈ છે. જાણકારો ચેતવણી આપી રહ્યા હતા કે લેબગ્રોન ડાયમંડનો ફુગ્ગો ગમે ત્યારે ફૂટશે. નોંધનીય છે કે, ડી બિયર્સ લાઈટબોક્સ બ્રાન્ડ હેઠળ તેની પોતાની લેબ-ઉગાડવામાં આવેલી ડાયમંડ રેન્જને લોન્ચ કરનાર સૌપ્રથમ હતું, એને ભૂલ સમજાતા પાછળથી તેણે ટૂંકા પ્રયોગ પછી LGD સગાઈની વીંટી વેચવાનો નિર્ણય પાછો ખેંચ્યો હતો. રશિયા અને યુક્રેનના યુદ્ધને લઈ અમેરિકા તથા યુરોપના દેશોની આર્થિક પરિસ્થિતિ નબળી થવાથી હીરા તથા જ્વેલરીની માંગ ઘટી ગઈ હોવાથી જ્વેલર્સો ભારે દ્વિધામાં આવી ગયા છે.

### રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા

# જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર જવાહર રોડના સહયોગથી સદ્‌ગુરૂ નેત્રયજ્ઞ યોજાશે

જૂનાગઢ તા. ૧૮

રાજકોટના પૂ. રણછોડદાસ બાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગથી દર માસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અનુસંધાને આગામી તા.૨૨ મી ઓકટોબરના રોજ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, ઉતારા વિભાગમાં સવારે ૯ થી ૧૧.૩૦ વાગ્યા સુધી સદ્‌ગુરૂ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતીયો હોય તો કેમ્પના સ્થળથી પૂ.સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પીટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે.

દર્દીનું ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે કરી આપવામાં આવશે. ઓપરેશન બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢ કેમ્પના સ્થળે પર મુકી જવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીઓને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ, બાલાભાઈ તન્નારાણા વગેરે જહેમત ઉઠાવી રહેલ છે.

### માતાજીએ જીવતા સમાધી લીધેલી, નવરાત્રીમાં આપે છે દર્શન

# માંગનાથનું હિરાગીરી માતાજીનું મંદિર જે વર્ષમાં એક વખત નવરાત્રીમાં જ ખુલે છે

(નિલેશ નથવાણી દ્વારા

જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢના માંગનાથ મહાદેવ મંદિર સામે હીરાગીરી માતાનું મંદિર આવેલું છે. સમગ્ર વર્ષ દરમ્યાન બંધ રહેતું આ મંદિર માત્ર નવરાત્રીમાં જ ખુલે છે. એકમથી લઈને આઠમ સુધી આ મંદિર ખુલ્લું રહે છે અને બાદમાં બંધ કરી દેવામાં આવે છે.

આ અંગે માંગનાથ મહાદેવ મંદિરના મહંત પ્રદીપગીરએ જણાવ્યું હતું કે, મુળ ઉત્તરપ્રદેશના હિરાગીરી વર્ષો પહેલા બાલ્યાવસ્થામાં હાલના માંગનાથ પીપળી ગામે આવ્યા હતા અને વર્ષો સુધી તપ સાધના અને ગાયોની સેવા કરતા હતા. દરમ્યાન માંગનાથ મંદિરના માંગા ભટ્ટે હિરાગીરીની સિધ્ધીથી પ્રભાવિત થઈ માંગનાથ મંદિર તેમને સોંપ્યું હતું.

બાદમાં હિરાગીરીએ અહીંયા સ્થાન બનાવ્યું હતું. વર્ષો સુધી તપ, સાધનાના અંતે તેમણે જીવતા સમાધી લીધી હતી. આ શક્તિ સ્થળ માંગનાથ મહાદેવના મંદિરમાં આજે પણ વિદ્યમાન છે. વર્ષોની એ પરંપરા રહી છે કે આખું વર્ષ મંદિર બંધ રહે છે અને માત્ર નવરાત્રીમાં જ ખુલે છે. ભાવિકોના મત મુજબ જીવતા સમાધી લેનાર હિરાગીરીજીની હજુ પણ અનુભુતી થાય છે. આખું વર્ષ તેઓ મંદિરમાં સાધના કરે છે માટે મંદિર બંધ રાખવાની પરંપરા છે. અને નવરાત્રીના આઠ દિવસ તેઓ ભકતોને દર્શન આપે છે માટે મંદિર ખુલે છે.

નવરાત્રી દરમ્યાન કુંભ સ્થાપન કરી અખંડ જયોત રાખવામાં આવે છે. અહીં દિવાની માનતા માનવતાથી તમામ મનોકામના પુર્ણ થતી હોવાનું પણ ભાવિકોએ અનુભવ્યું છે.

### મારવાડી યુનિવર્સિટીના યજમાન પદે

# આંતરરાષ્ટ્રિય કક્ષાની IEEE R.10 હ્યુમનિટેરિઅન ટેકનોલોજીસ પરિષદનું ભવ્ય આયોજન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૮

તકનીકી અને વ્યવસાયલક્ષી ઉચ્ચ અભ્યાસમાટે શ્રેષ્ઠતા અને ગુણવત્તાનો પર્યાય બની રહેલી મારવાડી યુનિવર્સિટી વિશ્વફલક પર ફરી એક ઊંચી ઉડાન ભરવા જઈ રહી છે. આગામી તા. ૧૬ થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૩ દરમ્યાન મારવાડી યુનિવર્સિટીના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના યજમાન પદે વિશ્વની ખ્યાતનામ સંસ્થા **IEEE R.10** ના વડપણ અંતર્ગત "માનવ કલ્યાણ માટેનું પ્રૌધોગિક વિજ્ઞાન" એટલે કે "હ્યુમેનિટેરિઅન ટેકનોલોજીસ" ના વિશ્વ કલ્યાણના મુખ્ય ઉદ્દેશ સાથે આંતરરાષ્ટ્રિય કક્ષાની પરિષદનું આયોજન થનાર છે. **IEEE** સંસ્થા સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ફેલાવો ધરાવતી વ્યવસાયિક સંસ્થા છે કે જેના એશિયા પેસિફિક વિભાગ રીજીયન ૧૦ ( R ૧૦) તરીકે ઓળખાય છે. જેમાં ભારતનો સમાવેશ થાય છે. આ વિભાગના ઉપક્રમે ઉપરોક્ત પરિષદનું આયોજન મારવાડી યુનિવર્સિટી ખાતે થવા જઈ રહ્યું છે.

આ સંદર્ભમાં મારવાડી યુનિવર્સિટીના ડીન શ્રી ડો. આર. બી. જાડેજાએ જણાવ્યું કે કોઈપણ જ્ઞાન-વિજ્ઞાનનો ઉપયોગ સૌથી પહેલા માનવ કલ્યાણ માટે થવો જોઈએ. હાલના સમયમાં બહુચર્ચીત "આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ" એક એવું જ વિજ્ઞાન છે જેનો સીધો ઉપયોગ આજના આધુનિક સમયમાં લોકકલ્યાણ અને જનસામાન્યની સુખાકારી માટે કરી શકાય છે. આ નવીનતમ માધ્યમને વધુ વ્યાપક બનાવવા મારવાડી યુનિવર્સિટી દ્વારા આ પરિષદનું આયોજન કરાયું છે. તેમેણે ઉમેર્યુ હતું કે **IEEE** સંસ્થા દર વર્ષે વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓને આ પરિષદનું સુકાન સોંપે છે, એટલે કે મારવાડી યુનિવર્સિટી માટે પણ આ એક મોટી ઉપલબ્ધી બની રહેશે. છેલ્લા એક વર્ષથી પણ વધારે સમયથી અમે આ પરિષદને સાકાર કરવા પ્રયન્તશીલ રહ્યા છીએ અને આપણા સૌ માટે આ એક દુર્લભ તક મળેલી છે. આવનારા ત્રણ દિવસો માં કેનેડા, ઓસ્ટ્રેલિયા, જાપાન, સાઉથ કોરિયા, બાંગ્લાદેશ સહીતના દેશોમાંથી વિષય તજજ્ઞો રાજકોટ પધારી રહ્યા છે. અમને આશા છે કે પ્રસ્તુત પરિષદ સમગ્ર ગુજરાત અને ભારત માટે એક અવિસ્મરણીય યાદગીરી બની રહેશે.

આ અંગે મળેલી વધુ માહિતી મુજબ કુલ ૨૦ થી વધારે સંશોધકો પોતાના સંશોધન પાત્રો સહુ નૌ સમક્ષ રજુ કરશે. આ પરિષદ દરમ્યાન વિવધ કાર્યક્રમો જેવાકે પરિસંવાદ, કાર્યશાળા તથા ઔદ્યોગિક એકમી અને સંસ્થાઓ સાથે વિચારગોષ્ઠી નું પણ આયોજન કરવામાં આવ્યુંકે જે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અતી ઉપયોગી થશે. પરિષદ માં પધારેલા વિશ્વભરના તજજ્ઞો તેમના અનુભવો અને જ્ઞાનસભર માહિતી ધરાવતા વ્યાખ્યાનો આપશે. આયોજનને સફળ બનવવા દેશભરની નામાંકિત સંસ્થાઓ જેવી કે **DST, SSIP, GSBTM,** મારવાડી ટેકનોલોજીસ અને **K-7** ઈન્ટરનેશનલ દ્વારા સહકાર પ્રાપ્ત થયેલ છે. મારવાડી યુનિવર્સિટીના ઉપપતિ શ્રી પ્રૉ. ડૉ. સંદિપ સંચેતી, રજિસ્ટ્રાર નરેશ જાડેજા અને તમામ ટીઓ દ્વારા આ પરિષદના ભવ્ય આયોજનને બિરદાવવામાં આવેલ હતું. મારવાડી યુનિવર્સિટી ખાતે ઉપરોક્ત પર્દિષદને લઈને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં અનેરો ઉત્સાહ જોવા મળીરહ્યો છે.

# SGFI U-17 વોલીબોલ સ્પર્ધામાં રાજકોટની તપોવન સ્કુલ તૃતિય સ્થાને




(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા. ૧૮

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ **SGFI U-17** વોલીબોલ સ્પર્ધામાં ઝોન કક્ષાએ તપોવન સ્કુલ રાજકોટની વિદ્યાર્થીનીઓએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આ તકે તપોવન સ્કુલે તેઓની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ઉનામાં પુષ્ટીમાર્ગીય નવવિલાસ રાસોત્સવ





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૮

ઉનાના મુખ્ય મનોરથી ગૌ.વા. શ્રી હરજીવનદાસ ગોકળદાસ કોટેચા પરિવાર દ્વારા આયોજીત તથા પૂ.પા.ગૌ ૧૦૮ કાલિન્દી વહુજી શ્રી નટવર ગોપાલજી મહારાજના આજ્ઞા એવંમ્ આશીર્વાદથી યમુના ઉત્સવ સમિતિ દ્વારા ખાતે સૌપ્રથમ વખત પુષ્ટીમાર્ગીય નવવિલાસ રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જે તા.૧૫-૧૦-૨૩ થી ૨૪-૧૦-૨૩ સુધી રાત્રે ૯-૩૦ થી ૧૨ કલાક સુધી શ્રીનાથજી હવેલી સામે, નગરપાલિકા, લાયબ્રેરી ગ્રાઉન્ડમાં રાખેલ છે. આ રાસોત્સવમાં રાસ રમવું તદન નિઃશુલ્ક છે તથા રાસ રમ્યા પછી ચા-પાણી તથા કણીકા મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઉનાના પ્રખ્યાત કિર્તન મંડળી સુરતાલની સુરાવલી ગુંજાવે છે તથા વૈષ્ણવ સૃષ્ટી દ્વારા રાસનો કાર્યક્રમ અતિ સુંદર તથા ભવ્ય બની રહે તે માટે રાસ રમવાવાળા વૈષ્ણવ ભાઈ-બહેનો માટે નવે નવ વિલાસમાં અલગ અલગ ડ્રેસનો કલર કોડ નકકી કરેલ હોય તે મુજબના કલરના વસ્ત્રો પહેરીને રાસનો આનંદ માણી રહયા છે.

# ક્રોમાનું વાર્ષિક ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ કેમ્પેઈનઃ નવરાત્રીમાં આકર્ષક ઓફર્સ અને ડિસ્કાઉન્ટ સાથે તમારી જીવનશૈલીને અપગ્રેડ કરો

croma
A TATA Enterprise

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

આ નવરાત્રીમાં તમારા સપનાને પૂર્ણ કરો કારણકે ટાટા એન્ટરપ્રાઈઝનું ક્રોમા તેના વાર્ષિક ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ કેમ્પેઈન સાથે પરત ફર્યું છે, જે અંતર્ગત સ્ટોર્સ અને ક્રોમાની વેબસાઈટ **Croma.com** ઉપર હોમ એપ્લાયન્સિસ, ટીવી, લેપટોપ, મોબાઈલ વગેરે સહિતની શ્રેણીઓ ઉફર ૨૫ ઓક્ટોબર, ૨૦૨૩ સુધી ઘણી અકલ્પનિય ડીલ અને આતુરતાથી રાહ જોવાતી ઓફર્સ થઈ રહી છે. ગ્રાહક કેન્દ્રિત રહેવાની તેની કટીબદ્ધતા સાથે ક્રોમાએ વડોદરામાં એશિયાના સૌથી મોટા ગરબા કાર્નિવલ યુનાઈટેડ વે ગરબા સાથે એસોસિયેટ સ્પોન્સર સાથે સહયોગ કર્યો છે. એક વિશિષ્ટ લાભ તરીકે ક્રોમા સમગ્ર ગુજરાતના પસંદગીના લકી ગ્રાહકોને યુનાઈટેડ વે ગરબા અને બીજા પ્રસિદ્ધ ગરબા પંડાલના પાસ આપી રહ્યું છે. આ ઉપરાંત પસંદગીના ક્રોમા સ્ટોર્સ ઉપર દરેક ગ્રાહકને દાંડિયા આપવામાં આવે છે.

ક્રોમાએ રાજ્યમાં ૭૦થી વધુ સ્ટોર્સ તથા **Croma.com**ના વિશાળ નેટવર્ક દ્વારા તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ સાધી છે તેમજ રાજ્યના વાઈબ્રન્ટ સમુદાયો તરફથી મળેલા જબરદસ્ત પ્રતિસાદને જોતાં વધુ વિસ્તરણની આશા રાખે છે.

પસંદગીના બેંક કાર્ડ ઉપર ૧૦ ટકા સુધીનું ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ, રૂા.૨૦,૦૦૦ સુધીના એક્સચેન્જ લાભો તેમજ ૨૪ મહિનાના ઈન્ટરેસ્ટ-ફ્રી ઈએમઆઈના લાભો મેળવો. ટીવી જોવાનો અનુભવમાં વધારો કરવા ઈચ્છુક વ્યક્તિઓ ૫૫, ૬૫ અથવા ૭૫ ઈંચ ૪કે એલઈડી ટીવી સાથે તેમના મનોરંજનની દુનિયાની મજા માણી શકે છે. પ્રતિ માસ માત્ર રૂા.૨૯૯૦થી શરૂ થતાં ઈએમઆઈ વિકલ્પોનો આનંદ ઉઠાવો.

નવીન ૫જી ફોન સાથે ટેકનોલોજીના વિશ્વ સાથે જોડાયેલા અને અગ્રેસર રહો, જે માત્ર રૂા. ૧૩,૪૯૯ની કિંમતે શરૂ થાય છે. જોકે, આટલું પૂરતું નથી – જ્યારે તમે અમારા ફોનની પસંદગીની શ્રેણીમાંથી પસંદ કરશો ત્યારે તમે માત્ર રૂા. ૪૯ની કિંમતે બ્લુટુથ કોલિંગ વોચ પણ મેળવી શકો છો. ટેક્નોલોજીમાં રૂચિ ધરાવતા દરેક વ્યક્તિ માટે ખૂબજ અપેક્ષિત આઈફોન ૧૫ રાહ જોઈ રહ્યો છે, જે પ્રતિમાસ માત્ર રૂા. ૨,૨૪૬ સાથે ૨૪ મહિનાના અનુકૂળ ઈએમઆઈ પ્લાન સાથે ઉપલબ્ધ છે.

ક્રોમા-ઈન્ફિનિટી રિટેઈલ લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર શિબાશીષ રોયે કહ્યું હતું કે, "અમે ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ કેમ્પેઈન સાથે નવરાત્રીની ઉજવણી માટે સજ્જ છીએ. આ તહેવારની સિઝનમાં ગુજરાતમાં ૭૦ સ્ટોર્સ સાથે અમે ગ્રાહકોને ઈલેક્ટ્રોનિક્સ ખરીદીના અનુભવમાં વધારો કરવા માટે ઉપસ્થિત છીએ. અમારી બેજોડ ગ્રાહક સેવા અને એક છત નીચે ગેજેટ્સની વિશાળ શ્રેણી દ્વારા અમે દરેક વ્યક્તિ માટે નવરાત્રીની સિઝનને ખાસ બનાવવાનું લક્ષ્ય રાખીએ છીએ."

# ઈઝરાયલ દ્વારા કરાઈ રહેલી કાર્યવાહી ગાઝાના લોકોને સજા સમાન : ચીન



બેઈજિંગ, તા.૧૮

યુદ્ધ વચ્ચે ચીને ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહી સામે સવાલો ઊભા કર્યા છે. તાજેતરમાં જ ચીને ઈઝરાયલ દ્વારા કરાઈ રહેલી કાર્યવાહીની તુલના ગાઝાના લોકો માટે સજા સાથે કરી હતી. ઈઝરાયલ પર હમાસના હુમલા બાદ પ.એશિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરી રહેલા ચીને હવે ઈઝરાયલ સામે જોરદાર નિશાન તાક્યું છે. ચીનના વિદેશમંત્રી વાંગ યીએ કહ્યું કે ઈઝરાયલની કાર્યવાહી હવે સેલ્ફ ડિફેન્સ એટલે કે આત્મરક્ષાની હદોને વટાવી ચૂકી છે. સાથે જ તેમણે ગાઝાના લોકોને અપાઈ રહેલી સજા પર રોક લગાવવાની માગ કરી છે. ખાસ વાત એ છે કે ચીન તરફથીઆ ટિપ્પણી એવા સમયે કરાઈ છે ચીને ઈઝરાયલની કાર્યવાહી સામે સવાલો ઊભા કર્યા હમાસના હુમલા બાદ પ.એશિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરી રહેલા ચીને હવે ઈઝરાયલ સામે નિશાન તાક્યું જ્યારે ઈઝરાયલ ગાઝામાં જમીની હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે. વાંગે કહ્યું કે ઈઝરાયલ આંતરરાષ્ટ્રીય સમુદાય અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના આહ્વાનને સાંભળવું જોઈએ અને ગાઝાના લોકોને મળી રહેલી સજા પર રોક લગાવવી જોઈએ. એવું મનાય છે કે આ યુદ્ધને લઈને ચીન તરફથી પહેલીવાર આકરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. ઈઝરાયલી સૈન્યએ આ અઠવાડિયાના અંતે ગાઝા પટ્ટીમાં જમીની હુમલા કરવાની યોજના બનાવી હતી પણ હવામાનની સ્થિતિને કારણે રવિવારે અમુક દિવસો માટે આ કાર્યવાહીની યોજના પડતી મૂકાઈ હતી. અમેરિકી અખબારે ત્રણ વરિષ્ઠ ઈઝરાયલી સૈન્ય અધિકારીઓના હવાલાથી આ રિપોર્ટ અંગે જાણકારી આપી હતી.

# શરીર પર ટેટૂ ચામડી માટે નુકશાનકારક બની શકે છે

ઉત્તરપ્રદેશ, તા.૧૮

મોર્ડન જમાનામાં શરીર ઉપર ટેટૂ કરાવવાનું ચલણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આજકાલના યુવાનોમાં ટેટૂનો ક્રેઝ ખૂબ જ જોવા મળી રહ્યો છે. લોકો શરીર ઉપર અવનવા ટેટૂ ચિતરાવે છે. જો તમે પણ તમારા શરીર ઉપર ટેટૂ કરવાનું વિચારો છો, તો રોકાઈ જાઓ. ટેટૂ તમારા શરીરને આકર્ષક બનાવી શકે છે, પણ તે તમને પણ ખૂબ બીમાર બનાવી શકે છે, તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. યુવાનો ખુદને આકર્ષક બનાવવા માટે શરીર ઉપર વિવિધ પ્રકારના ટેટૂ ડિઝાઈન કરાવે છે. છેલ્લા કેટલાક સમયથી ટેટૂ કરાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. મોટાભાગના યુવાનો વિચાર્યા વગર કોઈપણ ટેટૂ આર્ટિસ્ટ પાસેથી ટેટૂ કરાવે છે, જે વધુ નુકસાનકારક છે. ડર્મેટોલોજિસ્ટ ડૉ.રવિ મોહને જણાવ્યું હતું કે, ટેટૂ કરાવતી વખતે વપરાતી શાહીની ગુણવત્તા સારી ન હોય તો ટેટૂ ચામડી માટે નુકસાનકારક બની શકે છે. જો ટેટૂ કરાવતી વખતે ઉપયોગમાં લેવાતી સોયનો ઉપયોગ પહેલા કરવામાં આવ્યો હોય, તો તમે ઘણી બીમારીઓનો શિકાર બની શકો છો. આ બીમારી ઝૅંફ જેવી ગંભીર પણ હોઈ શકે છે. ડૉ.રવિ મોહન કહે છે કે કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકારક છે. ટેટૂ કરાવવું અને પછી તેને હટાવવું ખૂબ જ નુકસાનકારક છે. ટેટૂ બનાવતા પહેલા ટેટૂ આર્ટિસ્ટ પ્રોફેશનલ છે કે નહીં, ટેટૂ બનાવવામાં વપરાતી શાહી અને સોય પ્રમાણિત કંપનીની છે કે નહીં જેવી બાબતોનું ધ્યાન રાખો. ગમે ત્યાં ટેટૂ કરાવશો નહીં. જો આ બાબતોનું ધ્યાન ન રાખવામાં આવે,તો અનેક ચામડીજન્ય રોગો થઈ શકે છે.

# મોદીના અધ્યક્ષસ્થાને અવકાશ સંશોધન પ્રયાસોના ભાવિની રૂપરેખા માટે ઉચ્ચ-સ્તરીય બેઠક



નવી દિલ્હી, તા.૧૮

ઈસરોએ આપેલ માહિતી અનુસાર, ગગનયાન મિશન માટેની પહેલી ફલાઈટ ૨૧ ઓકટોબરે ઉડાન ભરશે. આ ઉડાના પહેલા આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના અવકાશ સંશોધન પ્રયાસોના ભાવિની રૂપરેખા આપવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ઈસરો ચીફ ઉપરાંત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા. આ દરમિયાન ઈસરોના ચીફે પીએમ મોદીને મિશન સાથે જોડાયેલી ઘણી માહિતી આપી.આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈસરોના ચીફને અવકાશ મિશનને લઈ લક્ષ્યો આપ્યા હતા. ઈસરોને ૨૦૩૫ સુધીમાં ભારતીય સ્પેસ સ્ટેશન અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર માણસ મોકલવા માટેનું લક્ષ્ય આપવામાં આવ્યું છે. આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈસરોના વૈજ્ઞાનિકોને શુક્ર ઓર્બિટર મિશન, માર્સ લેન્ડર પર કામ કરવા પણ કહ્યું હતુ. આ દરમિયાન ઈસરોએ કહ્યું હતું કે, ચંદ્ર પર વધુ સંશોધન માટેનો રોડમેપ તૈયાર કરશે. આમાં ચંદ્રયાન મિશનની શ્રેણી, નેક્સ્ટ જનરેશન લૉન્ચ વ્હીકલ (એનજીએલવી)નો વિકાસ, નવા લૉન્ચ પેડનું નિર્માણ, માનવ-કેન્દ્રિત પ્રયોગ શાળાઓની સ્થાપના અને સંબંધિત તકનીકોનો સમાવેશ થશે. વડાપ્રધાન ભારતીય વૈજ્ઞાનિકોને આંતરગ્રહીય મિશન તરફ કામ કરવા પણ આહ્વાન કર્યંત હતું, જેમાં શુક્ર ઓર્બિટર મિશન અને માર્સ લેન્ડરનો સમાવેશ થાય છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા રાજકોટ સીટી બ્રાન્ચ ઓફ એનેસ્થેસીયાના ઉપપ્રમુખ ડો. ચૈતન્યસિંહ ગોહિલનો ગરિમાપૂર્ણ સન્માન સમારોહ યોજાયો



## જાણીતા ઓક્રો સર્જન ડો. રાજેશ માકડિયા, ઓર્થોપેડીક સર્જન ડો. ધીરેન ફળદુ અને પ્લાસ્ટિક સર્જન ડો. મોનાલી માકડિયા ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૮

"વર્લ્ડ એનેસ્થેસીયા ડે" નિમિત્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા રાજકોટ મહાનગરના જાણીતા એનેસ્થેસીઓલોજીસ્ટ ડો. ચૈતન્યસિંહ ગોહિલનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

જાણીતા ઓક્રો સર્જન ડો. રાજેશ માકડિયા, ઓર્થોપેડીક સર્જન ડો. ધીરેન ફળદુ અને પ્લાસ્ટિક સર્જન ડો. મોનાલી માકડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ કાર્યક્રમની ભૂમિકા રજૂ કરતાં સોસાયટીના પ્રમુખ પ્રોફેસર જયદીપસિંહ ડોડિયાએ જણાવ્યું હતું કે, આજ રોજ સમગ્ર વિશ્વ જયારે "એનેસ્થેસિયા ડે" ઉજવી રહ્યું હોય ત્યારે આપણા સોસાયટી પરિવારના સદસ્યો અને રાજકોટ મહાનગરના જાણીતા એનેસ્થેસીઓલોજીસ્ટ ડો. ચૈતન્યસિંહ ગોહિલ અને ડો. ચેતનાબા ધર્મેન્દ્રસિંહ ગોહિલની મેડિકલ સાયન્સ ક્ષેત્રની સેવાઓ બિરદાવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારો અને તમામ કારોબારી સમિતિના સભ્યો ગૌરવની લાગણી અનુભવે છે. કારોબારી સમિતિના સભ્યો દ્વારા ઉપસ્થિત ડો. રાજેશ માકડિયા, ડો. ધીરેન ફળદુ અને ડો. મોનાલી માકડિયાનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા સર્જન ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ અને ડો. ચેતનાબા જાડેજાનું પણ સન્માન કરવામાં આવ્યું હતુ. સન્માનનો પ્રત્યુત્તર આપતા ડૉ. ચૈતન્યસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, "વર્લ્ડ એનેસ્થેસિયા ડે" એટલે ૧૬ ઓક્ટોબર. અને ૧૬ ઓક્ટોબર એટલે વર્લ્ડ એનેસ્થેસિયા ડે. એનેસ્થેસિયા એક ગ્રીક શબ્દ છે, જેનો અર્થ થાય છે ચેતના વગરનું. સૌથી પહેલા વિલિયમ થોમસ ગ્રીન મોર્ટન નામના વૈજ્ઞાનિકે ૧૬ ઓક્ટોબર ૧૮૪૬ના દિવસે બોસ્ટન- યુ.એસ.એ .માં ઈથર નામની એનેસ્થેસિયા દવાનો સફળ પ્રયોગ કરીને દેખાડ્યો હતો. તેની યાદમાં ૧૬ ઓક્ટોબરના દિવસે વિશ્વભરમાં વર્લ્ડ એનેસ્થેસિયા ડે ઉજવવામાં આવે છે. એનેસ્થેસિયા મેડીકલના ઈતિહાસની યાદગાર શોધોમાંથી સૌથી અમૂલ્ય શોધ છે. એનેસ્થેસિયાની શોધને કારણે જ આજે શરીરના વિવિધ અંગો જેવા કે મગજ, હૃદય, ફેફસા વગેરેની જટિલમાં જટિલ સર્જરી શક્ય બની છે. એનેસ્થેસિયાની શોધ વગર સર્જરીના વિજ્ઞાનનો વિકાસ શક્ય નહોતો! પરંતુ આપણા સમાજનાં એનેસ્થેટીસ્ટ અને એનેસ્થેસિયા વિષે ઘણી ગેરસમજણો પ્રવર્તે છે. એનેસ્થેટીસ્ટ એટલે બેભાન કરવાના ડોક્ટર અને બેભાન કરવાનું એક ઈન્જેકસન આપે એટલે એનું કામ પૂરું! પરંતુ હકીકત કંઈક અલગ જ છે. કોઈ દિવસ વિચાર્યું જયારે સર્જન ઓપરેશન કરતા હોય ત્યારે દર્દીના બ્લડપ્રેશર, હૃદયના ધબકારા, શ્વાસોશ્વાસ, ઓપરેશન દરમિયાન થતું બ્લીડીંગ, દર્દીના લીવર, કિડની વગેરે અંગોનું ધ્યાન કોણ રાખે છે? ઓપરેશન દરમિયાન આ દરેક અંગોનું સપ્રમાણ નિયમન ખૂબ જ જરૂરી છે અને આ કામ એનેસ્થેટીસ્ટ કરે છે. કુશળ સર્જન જેટલા જ જરૂરી છે એક કુશળ એનેસ્થેટીસ્ટ. એનેસ્થેસિયા આપવું એ એક જટિલ વૈજ્ઞાનિક પ્રકિયા છે. તેના માટે ડોકટરોએ પહેલાં એમ.બી.બી.એસ.ની ડીગ્રી લેવી પડે છે. અને પછી ત્રણ વર્ષનો એનેસ્થેસિયાનો પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાનો કોર્ષ કરવો પડે છે. એનેસ્થેસિયાના ત્રણ પ્રકાર છે. (૧) લોકલ (૨) રીજનલ (૩) જનરલ. એનેસ્થેસિયા આપવા ઉપરાંત એનેસ્થેટીસ્ટ પેઈન કલીનીક (લાંબા સમયના દુખાવાની સારવાર) તથા આઈ.સી.યુ. પણ ચલાવે છે. આમ યોગ્ય કાળજી રખાય અને હોસ્પિટલમાં સુરક્ષિત એનેસ્થેસિયા માટે જરૂરી મોનીટર અને આધુનિક સાધનો હોય તો જનરલ એનેસ્થેસિયા આજના જમાનામાં ખૂબ જ સુરક્ષિત છે. ઓપરેશન પહેલાં તમારા એનેસ્થેટીસ્ટને જરૂરથી મળો. એનેસ્થેટીસ્ટને તમારી જૂની બીમારી જેવી કે બી.પી., ડાયાબિટીસ, હૃદયરોગ, તેના માટેની દવાઓ, એલર્જી અગાઉ કરેલા ઓપરેશન વિષે જણાવો. આ માહિતી તમારા એનેસ્થેટીસ્ટને તમારા એનેસ્થેસિયાનો પ્રકાર નક્કી કરવામાં મદદરૂપ થશે. આ વખતે તમે એનેસ્થેટીસ્ટને તમને મુંઝવતા પ્રશ્નો પણ પૂછી શકો છો. એનેસ્થેટીસ્ટ જયારે કોઈપણ કારણોસર માણસનું હૃદય બંધ થઈ જાય ત્યારે અપાતા પુર્નજીવનની પ્રક્રિયાના ડોક્ટર ગણાય છે. જેની ટ્રેનિંગ જુદા-જુદા કાર્યક્રમ રૂપે સામાન્ય માણસોને તેમજ મેડીકલ શાખા સાથે સંકળાયેલ તમામ લોકોને આખા વર્ષ દરમિયાન સમૂહમાં અપાતી રહે છે." એનેસ્થેસિયા ડે નિમિત્તે રાજકોટ સીટી બ્રાંચ ઓફ એનેસ્થેસિયાના વાઈસ પ્રેસીડેન્ટ ડો. ચૈતન્યસિંહ ગોહિલનું સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કર્મચારી કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી દ્વારા સન્માન થયું હતું. આ ઉપરાંત આ સન્માન સમારોહમાં આયોજકોના આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહેલા રાજકોટ શહેરના નામાંકીત ડોક્ટર્સ એવા ડો. રાજેશ માકડિયા (ઓક્રો સર્જન), ડો. ધિરેન ફળદુ (ઓર્થોપેડિક સર્જન) તથા ડો. મોનાલી માકડિયા (પ્લાસ્ટીક સર્જન),ડો. કુંતલબા જાડેજા ( ગાયનેકોલોજીસ્ટ ), ડો. ચેતના જાડેજા (એનેસ્થેટીસ્ટ) તથા ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ (સર્જન)નું પણ સન્માન કરવામાં આવ્યું.

આ સન્માન સમારોહને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ અને જાણીતા ઉધોપતિ શ્રી સજીભાઈ મેથ્યુ, સહમંત્રીશ્રી અજયસિંહ પરમાર, સહમંત્રીશ્રી રમેશભાઈ સભાયા, કારોબારી સભ્યો ઉદ્યોગપતિ શ્રી શૈલેષભાઈ પટેલ , ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, શ્રી ડી. પી. ત્રિવેદી, શ્રી કૈલેશકુમાર તન્ના, ડો. હિતેશ મુંધવા, યોગેશભાઈ જોશી તેમજ કલ્ચરલ ફોરમના મેમ્બર ડો. સ્વાતિબેન જોશી વગેરેએ જહેમત ઊઠાવી હતી.

સોસાયટીના મંત્રી શ્રી અજયભાઈ જોષીએ કેનેડાથી ડો. ચૈતન્યસિંહ ગોહિલના સન્માન સમારોહને સફળતા ઈચ્છતો સંદેશો પાઠવ્યો હતો.

# ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સંચાલિત દ્વારકાની નવદુર્ગા ગરબી




## પ્રાચીન પરંપરાઓ જાળવતી સતત ૧૪૯ વર્ષથી અડીખમ : નવરાત્રી દરમ્યાન ઢોલ-નગારાના તાલે માતાજીના પ્રાચીન છંદો ગવાય છે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૮

ઈ.સ.૧૮૭૪ ના ઓક્ટોબરના માસની નવમી તારીખે હોળી ચોકમાં ગરબી માતાજીની નવમૂર્તિઓનુ મંડપ સુશોભિત કરી ભવ્ય ઉજવણી સાથે ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિના ભેખધારી ઠાકર મકનજી જૂઠાની આગેવાની હેઠળ સ્થાપના કરવામાં આવેલ.ત્યારથી આજ સુધી એટલે કે સતત ૧૪૯ વર્ષ સુધી દ્વારકા ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિએ પરંપરા જાળવી રાખીને દર વર્ષે ગરબીનું આયોજન કરવામાં આવે છે નવરાત્રીના પ્રથમ દિવસે સવારે માતાજીની મૂર્તિઓનું ષોડશોપચાર પૂજન કરવામાં આવે છે ત્યારબાદ વિધિસર સ્થાપના કરવામાં આવે છે.માતાજી સમક્ષ અન્નકોટ પણ ભરવામાં આવે છે અત્યારે આધુનિક યુગમાં લગભગ બધી જગ્યાએ જ્યારે સ્ત્રી-પુરુષો, યુવક-યુવતીઓ અને છોકરા-છોકરીઓ એક સાથે ડિસ્કો દાંડીયા પ્રકારની પદ્ધતિથી ગરબી રમે છે અને પ્રકૃતિ સહજ સ્ખલનના શિકાર બને છે ત્યારે આ ગરબી મંડપમાં કેવલ પુરુષો જ ગરબીમાં જોડાય છે અન્ય સ્થળે ડિસ્કો ટાઈપની વાધરચના કે સંગીત કૃતિ લાઉડસ્પીકર મુકવામાં આવે છે ત્યારે આ ગરબીમાં પ્રાચીન છંદો ગાઈ-ગવડાવી વર્તમાનકાળમાં ભૂતકાળને સજીવન રાખવાનો સતત પ્રયત્ન કરવામાં આવે છે.

## આવતીકાલે પાંચમાં નોરતે સ્કન્દમાતાની પૂજા



સ્કન્દમાતાની પૂજા મા દુર્ગાનું પાંચમુ સ્વરૂપ સ્કન્દમાતા છે . જેની ઉપાસના નોરતાના પાંચમા નોરતે એટલે કે દિવસે કરવામાં આવે છે . સ્કન્દ એટલે કાર્તિકેય નામથી ઓળખાય છે . જેમાં માતા એટલે સ્કન્દમાતા જેના ખોળામાં કુમાર કાર્તિકેય બાળ રૂપમાં બેઠા છે . જે દેવતાઓના સેનાપતી છે . માતાજીને ચાર હાથ છે . હાથમા કમળ વરમુદ્રા છે અને કમળના આસનમા સુશોભિત છે . માતાજીને પદમાસના દેવી પણ કહેવામા આવે છે .

માતાજીનું વાહન સિંહ છે . માતાજીની ઉપાસના સાવધાની પૂર્વક કરવી એક ચિંતે ધ્યાનપૂર્વક કરવી જોઈએ

માતાજીની ઉપાસનાથી મનની મનોકામના પૂર્ણ થાય છે અને મોક્ષ મળે છે . માતાજી સૂર્ય મંડળના અધિષ્ઠાત્રી તેના કારણે સ્કન્દમાતાની ઉપાસના કરવાથી શરીરમા તેજ આવે છે . ખાસ કરીને માતાજીની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઈએ આથી ભવસાગર દુ : ખોમાંથી મુક્તિ મળે છે .

માતાજીનો મંત્ર : ઓમ હીં ક્રી સ્વામિન્યે નમઃ

નૈવેદ્ય : માતાજીને કેળાનો પ્રસાદ ધરાવો તથા બ્રાહ્મણ ભોજન કરાવું દાન દક્ષિણા આપવી

**શાસ્ત્રી રાજદીપ જોશી**
**(વેદાંત રત્ન)**

## રાવલ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન યોજાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

વડાપ્રધાન તથા મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં સફાઈ અભિયાન જન ભાગીદારી થકી વધુ વ્યાપક બન્યું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાવલ નગરપાલિકા વિસ્તારનાં તમામ વોર્ડ તેમજ શહેરના મુખ્ય રસ્તા, સાફ-સફાઈની કામગીરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં સફાઈ કામદારો, કર્મચારીઓ તેમજ નગર સેવા સદનની મુલાકાતે આવનાર શહેરીજનો દ્વારા ઉત્સાહપૂર્વક કામગીરી કરવામાં આવી હતી.

# વાડીનારમાં મોબાઈલ ચોરી પ્રકરણમાં બે શખ્સોને દબોચી લેતી દેવભૂમિ દ્વારકા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયા તાલુકાના વાડીનાર વિસ્તારમાંથી બે દિવસ પૂર્વે મોબાઈલ ફોનની ચોરી થયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ પ્રકરણમાં એલસીબી પોલીસે તપાસ હાથમાં લઈ અને બે શખ્સોને રૂપિયા ૫૬,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

આ સમગ્ર પ્રકરણ અંગે ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ખંભાળિયા જામનગર હાઈવે પર વાડીનાર નજીક ભરાણા ગામે એક રૂમમાં રહેતા પર પ્રાંતિય આસામીઓ દ્વારા રાખવામાં આવેલા મોબાઈલ ફોન આ રૂમનું તાળું તોડીને કોઈ તસ્કરો લઈ ગયા હોવાની ફરિયાદના અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી વિભાગના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એ.એસ.આઈ. સજુભા જાડેજા, જેસલસિંહ જાડેજા તથા સહદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયામાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ચોરીના મોબાઈલ ફોન વેચવા માટે જી.જે. ૧૦ એ.એફ. ૮૮૬૦ નંબરના પલ્સર મોટરસાયકલ પર બેસીને આવેલા બે શખ્સોને પોલીસે અટકાવ્યા હતા.

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે રહેતા હમીદ ઉર્ફે અમુડો હારૂન સંઘાર (ઉ.વ. ૨૬) અને કે.પી.ટી. સર્કલ પાસે રહેતા ઈરફાન ઉર્ફે ગટુડો ઈબ્રાહીમ સુંભણીયા (ઉ.વ. ૨૦) નામના આ બંને શખ્સોની પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા આ બંને શખ્સોએ મોબાઈલ ફોનની ચોરીની કબૂલાત આપી હતી.

આથી પોલીસે રૂપિયા ૩૬,૦૦૦ ની કિંમતના ૯ નંગ મોબાઈલ ફોન ઉપરાંત રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતનું મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, વધુ તપાસ અર્થે આ બંને શખ્સોનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.વી. ગળચર સાથે સ્ટાફના સુનિલભાઈ કાંબલીયા, સજુભા જાડેજા, વિપુલભાઈ ડાંગર, ભરતભાઈ ચાવડા, જેસલસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, સહદેવસિંહ જાડેજા, સચિનભાઈ, નરસિંહભાઈ, વિશ્વદિપસિંહ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# ભાણવડ નજીક પીકઅપ વાનની અડફેટે બાઈક સવાર વૃદ્ધનું મૃત્યુ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ભાણવડ તાલુકાના શીવાગામના મૂળ વતની અને હાલ મુંબઈ ખાતે રહેતા પ્રવીણભાઈ પરસોતમભાઈ સોનગરા નામના દલવાડી વૃદ્ધ તેમના ભાઈ નરશીભાઈ પરસોતમભાઈ સોનગરાને સાથે લઈને ગઈકાલે મંગળવારે બપોરના સમયે તેમના જી.જે. ૧૦ એસ. ૨૮૮૨ નંબરના પેશન પ્રો મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા. ત્યારે ભાણવડથી આશરે ૧૦ કિલોમીટર દૂર ત્રણ પાટીયા પાસે પહોચતા આ માર્ગ પર આવી રહેલા જી.જે. ૩૭ ટી ૬૯૫૮ નંબરના બોલેરો પીક-અપ વાનના ચાલકે પ્રવીણભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

આ જીવલેણ ટક્કરમાં ગંભીર રીતે ઈજા પામેલા પ્રવીણભાઈ સોનગરાનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જયારે નરશીભાઈને નાની-મોટી ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ સમગ્ર બનાવ અંગે ભાણવડ પોલીસે નરશીભાઈ પરસોતમભાઈ સોનગરા (ઉ.વ. ૭૫)ની ફરિયાદ પરથી મહિન્દ્રા બોલેરો પીકઅપ વાનના ચાલક સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૦૪ (અ) ૩૩૭ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એમ.કે.ગઢવી દ્વારા હાથ ધરવામાં આવી છે.

# દ્વારકામાં મોબાઈલ ફોનમાં વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

(કુંજન રાડીયા દ્વારા)


જામ ખંભાળિયા, તા.૧૮

દેવભૂમિ દ્વારકામાં ગત સાંજે સ્થાનિક પોલીસે જુગાર અંગેની કાર્યવાહીમાં બે શખ્સોને વરલી મટકાનો જુગાર રમતા મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. આ પ્રકરણમાં કપાત કરતા શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા પંથકમાં સ્થાનિક પી.આઈ. ટી.સી. પટેલની સુચના મુજબ સ્થાનિક સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન પી.એસ.આઈ. આકાશ બારસિયા તથા સર્વેલન્સ સ્ટાફની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકામાં બ્રહ્મપુરી પાસેના ઓટલા પર બેસીને મોબાઈલ ફોનમાં વરલી મટકાના આંકડા સાથે કાગળની ચિઠ્ઠીઓ વિગેરેથી જુગાર રમી રહેલા અશોક જયસુખલાલ ભાતેલીયા (ઉ.વ. ૬૦) અને રજનીકાંત રમણીકલાલ પોપટ (ઉ.વ. ૪૮) નામના બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૧૨,૧૧૦ રોકડા તથા રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૭,૧૧૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ બંને શખ્સોની અટકાયત કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં ૬૩૫૫૨૫૫૦૧૭ મોબાઈલ નંબર વાળા શખ્સ પાસેથી કપાત થતી હોવાનું પણ ખુલવા પામ્યું છે. જે અંગે પોલીસે ઉપરોક્ત મોબાઈલ નંબરધારક શખ્સ સામે પણ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં સિંધવી સિકોતેર માતાજીના મંદિરે ગરબા વખતે માતાજીની ચાખડી અને સિંહ જાતે જ પડી જાય છે



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયામાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી સિંધવી સિકોતર માતાજીના મંદિર ખાતે ગવાતા ગરબા તેમજ છંદ દરમિયાન માતાજી હાજરાહજૂર થાય છે અને પરચો આપે છે. અહીં ગરબા દરમિયાન માતાજીની ચાખડી તેમજ સિંહ પડી જતા હોવાની ઘટના નિયમિત રીતે બને છે.

ખંભાળિયામાં જલારામ ચોક, જૂની લોહાણા મહાજન વાડી સામે આવેલા થોભાણી - મપારા પરિવારના કુળદેવી સિંધવી સિકોતેર માતાજીના મંદિર ખાતે દર મંગળવારે ભક્તો દ્વારા ગરબાનું ગાન કરવામાં આવે છે. માતાજીના મંદિરે હાલ નવરાત્રી નિમિત્તે દરરોજ ધાર્મિક આયોજનો કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો જોડાય છે. અહીં ગરબા દરમિયાન ઢોલ, તબલા અને વાજિંત્રો સાથે માતાજીની આરાધના વખતે મંદિરમાં રાખેલી માતાજીની ચાખડી તથા સિંહ આપોઆપ નીચે પડી જાય છે..!!

આ બાબતને નિહાળવા તેમજ માતાજીની સ્તુતિ કરવા મોટી સંખ્યામાં લોકો-ભક્તો અહીં આવે છે. અહીં ગાયત્રી ગરબા મંડળના પ્રવીણભાઈ છગ, કિરીટભાઈ મજીઠીયા (બકાલી), યોગેશભાઈ આચાર્ય, હિતેશભાઈ બોડા, દિલીપભાઈ કછટીયા, ગીરીશભાઈ સવજાણી, કિરીટભાઈ માણેક, હસમુખ ડોડીયા, જગદીશ ચાવડા, શ્રવણ જોશી, વિગેરે દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવે છે.

વર્ષ દરમિયાન નિયમિત રીતે અહીં ગરબા, છંદ દ્વારા માતાજીની સ્તુતિ વખતે સ્વયં જ ચાખડી અને સિંહ પડવાની અદભુત ઘટના બને છે. ગાયત્રી ગરબા મંડળ તેમજ અહીં દેશી પદ્ધતિથી ગાઈ-વગાડીને ગવાતા ગરબા ખૂબ જ પ્રસિદ્ધ છે. ત્યારે આ બાબતથી સિંધવી સિકોતેર માતાનું મંદિર સમગ્ર પંથકના ખૂબ જ પ્રસિદ્ધ બન્યું છે.


**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**
**છાણિયાં ખાતરની જાહેરાત**

આચાર્ય અને ડીન, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢના વિવિધ ફાર્મ માટે દેશી છાણિયું ખાતર (ગળતિયું)ના નીચેની વિગતેના ભાવ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. ભાવ ૧૫૦ ઘનફૂટ (ફોરવ્હીલ ટ્રેકટર ટ્રોલી) ના આપવા.

| ક્રમ | ખરીદ કરવાની વસ્તુની વિગત | અંદાજિત જથ્થો |
|---|---|---|
| ૧ | દેશી છાણિયું ખાતર (ગળતિયું) | ૨૦૦૦૦ ઘન ફૂટ |

ઉપરોકત વિગતના ભાવ તમામ ટેક્ષ સાથેના આ કચેરીમાં પહોંચતા કરવાના રહેશે. ભાવો જાહેરાત પ્રસિધ્ધ થયે દિવસ એકવીસ (૨૧) માં અત્રેની કચેરીમાં મોકલવાના રહેશે. વધુ વિગત માટે જૂ.કૃ.યુ., જૂનાગઢની વેબસાઈટ www.jau.in પરથી મેળવવાની રહેશે.

માહિતી/જૂના/૭૧૯/૨૦૨૩

### ગૃહ રાજયમંત્રીના ગરબીની ગાઈડલાઈન અંગેના નિવેદનનું થતું ખોટું અર્થઘટન

# જૂનાગઢમાં રાત્રીના મોડી રાત્રી સુધી ધ્વની પ્રદુષણ ફેલાવનારાઓ સામે કડક પગલા ભરવા માંગ

## શહેરના વિવિધ વિસ્તારોમાં મોડી રાત્રી સુધી ફેલાવાતા ધ્વની પ્રદુષણને નાથવા માટે કડક કાર્યવાહીની જરૂર હોવાનો પ્રજા મત





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ઘણા લાંબા સમયથી જાહેર માર્ગો ઉપર આવેલી કેટલીક દુકાનો, લારી-ગલ્લાવાળાઓ તેમજ ખાણીપીણીના સ્ટોલ ધારકો દ્વારા બેફામ રીતે ધ્વની પ્રદુષણ ફેલાવવામાં આવતું હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. પોલીસ તંત્રની ગાડીઓ જે માર્ગો ઉપરથી પસાર થાય ત્યારે થોડો સમય આવું ધ્વનીપ્રદુષણ બંધ રહે છે અને ફરી પાછા ફુલ વોલ્યુમ સાથે સાઉન્ડ સિસ્ટમ ધમધમી રહી છે અને જાણે કોઈ કહેવાવાળું ન હોય તેવું લાગી રહ્યું છે. દરમ્યાન હાલ નવરાત્રી મહોત્સવ હાલ શાંતીપુર્ણ રીતે ઉજવાઈ રહેલ છે. એ દરમ્યાન શાંતીમાં મુશ્કેલી સર્જાય તેવો બનાવ બનેલ છે. ગુજરાત રાજયના ગૃહમંત્રીએ એવું નિવેદન જારી કરેલ છે કે, રાત્રીના ૧૨ વાગ્યા પછી પણ ગરબી ચાલું રહેશે તેવા કરાયેલા નિવેદનની વિપરીત અસર થઈ રહી છે. ગઈકાલે જૂનાગઢ શહેરમાં વિવિધ ચોકો, માર્ગો, ખાસ કરીને કાળવા ચોક, કોલેજ રોડ, ભૂતનાથ માર્ગ, મોતીબાગ વિસ્તાર, ટીંબાવાડી રોડ, ઝાંઝરડા રોડ, એમજી રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલી કેટલીક દુકાનો તેમજ કેટલાક ખાણીપીણીના સ્ટોલોમાં પણ મોડે સુધી સાઉન્ડ સિસ્ટમ ધમધમી હતી અને આવું તો લગભગ કાયમી થતું હોય છે ત્યારે જૂનાગઢના પોલીસ તંત્ર દ્વારા આ બાબતે કાર્યવાહી કરવામાં આવે તેવી પણ આમ જનતાની માંગણી રહેલી છે.

ગુજરાત રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા રાત્રીના ૧૨ વાગ્યા પછી ગરબી ચાલું રહેશે તેવા કરેલા નિવેદનને પગલે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં ગઈકાલે રાત્રીના ધ્વનીપ્રદુષણ ફેલાવનારાઓ બેફામ બન્યા હતા અને મોડે સુધી સાઉન્ડ સિસ્ટમ ધમધમતા હતા તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી છે. ગૃહ રાજય મંત્રી દ્વારા કરવામાં આવેલા નિવેદનનું અર્થઘટન જુદી રીતે થઈ રહ્યો હોવાનો મત પ્રવર્તી રહ્યો છે અને કાનુની નિષ્ણાંતો દ્વારા ગૃહ રાજયમંત્રીના આ નિવેદન સામે પોતાનો આક્રોશ પણ વ્યકત કરવામાં આવ્યો છે.

તા.૧૫ ઓકટોબરથી નવરાત્રી મહોત્સવની ઉજવણી સમગ્ર સૌરાષ્ટ્રમાં કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત કાયદેસર રીતે રાત્રીના ૧૨ વાગ્યા સુધી જ સાઉન્ડ સિસ્ટમની પરમીટ હોય છે અને નામદાર સર્વોચ્ચ અદાલત અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા માઈક વગાડવા બાબતે જે ગાઈડ લાઈન જાહેર થયેલી છે જેમાં સામાન્ય દિવસોમાં રાતના ૧૦ વાગ્યા સુધી જ માઈક વગાડી શકાય છે અથવા તો સાઉન્ડ સિસ્ટમ વગાડી શકાય છે. જયારે નવરાત્રીના દિવસોમાં રાતના ૧૨ વાગ્યા સુધી જ માઈકનો ઉપયોગ થતો હોય છે અને તે અનુસાર પ્રશાસન તંત્ર આ નિયમોનું ઉલ્લઘંન કરનારાઓ સામે કડક કાર્યવાહી પણ કરતું હોય છે. દરમ્યાન ગઈકાલે રાજયના ગૃહમંત્રીએ એક સ્ફોટક નિવેદન જારી કરી અને રાત્રીના ૧૨ વાગ્યા પછી પણ ગરબી ચાલું રહેશે તે પ્રકારનું નિવેદન આપ્યું છે આ નિવેદનના ઘેરાપ્રત્યાઘાત પડયા છે. નામદાર સર્વોચ્ચ અદાલત અને ગુજરાત હાઈકોર્ટે આપેલા આદેશનો અનાદર છે અને કટેમ્પટ ઓફ ધી કોર્ટ ગણાવી શકાય છે. ગઈકાલે આ નિવેદનના પગલે ખુબ જ ગંભીર અસર થઈ હતી. સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં મોડે સુધી સાઉન્ડ સિસ્ટમ અને માઈક સિસ્ટમથી ધ્વનીનું પ્રદુષણ ફેલાવવામાં આવ્યું હતું અને આ અંગેની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી પરંતુ ગૃહ રાજયમંત્રીએ કરેલા નિવેદનના કારણે પ્રશાસન તંત્ર પણ કોઈ કામગીરી કરી શકે તેવી સ્થિતીમાં ન હતા. દરમ્યાન ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી એ જે નિવેદન આપ્યું છે તેનું અર્થઘટન જુદી રીતે થઈ રહ્યું હોવાનો મત પણ પ્રવર્તી રહ્યો છે. જૂનાગઢના કાનુની નિષ્ણાંત કિરીટભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગૃહ રાજયમંત્રીનું આ નિવેદન કે જેમાં માઈક સાથે ૧૨ વાગ્યા પછી ગરબી ચાલું રાખવામાં આવે તો કટેમ્પટ ઓફ ધી કોર્ટ છે. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, ગરબી આખી રાત લેવા સામે કોઈને વાંધો નથી પરંતુ નોઈશ પોલ્યુશન એકટ નીચેના કાયદાનો ભંગ થાય છે એટલે માઈક રાત્રીના ૧૨ વાગ્યા પછી ચાલું રાખી શકાતું નથી અને જો ચાલું રાખવામાં આવે તો નામદાર અદાલતનો અનાદર થયો એમ કહી શકાય. સાઉન્ડ સિસ્ટમ વગર ગરબી આખી રાત લેવા સામે વાંધો પણ નથી. ગૃહ રાજયમંત્રીએ પોતાના નિવેદનમાં સાઉન્ડ સિસ્ટમ વગર ગરબી લઈ શકાય છે તેવા શબ્દો વાપર્યા હોવાનું કહી શકાય છે. વિશેષમાં ગૃહ રાજયમંત્રીના આ નિવેદનને પગલે લોકોમાંથી પણ આક્રોશ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ આ ગૃહ રાજયમંત્રીના નિવેદનનું મનફાવે તે રીતે અર્થઘટન કરી મોડી રાત્રી સુધી સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં માઈકો અને સાઉન્ડ સિસ્ટમો ધમધમ્યા હતા.

# ગાંધીગ્રામ ગરબી મંડળ જૂનાગઢ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક થઈ રહેલી ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં નવરાત્રી મહોત્સવ ઉમંગભેર ઉજવાય રહ્યો છે. દરમ્યાન ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે અને બાળાઓના સુંદર મજાના રાસ-ગરબાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને ભારે આકર્ષણ જગાવેલ છે. ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા છેલ્લા ૬૫ વર્ષથી ગરબી કરવામાં આવી રહી છે અને આ ગરબી લોકસાહિત્યકાર અને પદ્મશ્રી ભીખુદાન ગઢવી, જગદિશભાઈ વસાવડા, ડાયાભાઈ દરજી તેમજ રાજયગુરૂએ સ્થાપન કરેલ છે અને આ ગરબીમાં અંદાજીત ૩૦૦ થી ૩૧૫ જેટલી બાળાઓ દર વર્ષે માતાજીની આરાધના, ગરબા લેતી હોય છે. બાળાઓ પાસેથી ટોકન ફી. રૂા.૧ તેમજ બહારના વિસ્તારની બાળાઓ પાસેથી રૂા.૧૦૧ ફાળાપેટે લેવામાં આવે છે. ૨૦૦૦ની સાલથી ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ગરબી મંડળમાં નવરાત્રી મહોત્સવનું સુંદરમજાનું આયોજન કરવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓના સાથસહકાર સાથે નવરાત્રી મહોત્સવ ઉજવાય છે. વીરાભાઈ મોરી, જીગ્નેશભાઈ દવે, ડાયાભાઈ મોરી, નાથાભાઈ આહિર, કેતનભાઈ બામરોટીયા, મેહુલભાઈ કોઠારી, ભાવેશ મોરી, સાહરૂખભાઈ મકવાણા, મેણસીભાઈ વાજા, મજીદભાઈ ચૌહાણ, પ્રફુલભાઈ શાહ, મીતભાઈ કોડીયાતર, યશભાઈ જોટાણીયા તેમજ બહેનોમાં કુસુમબેન મહેતા, બંસીબેન નંદાણીયા, શિતલબેન મોરી, કોમલબેન બામરોટીયા, પુરીબેન કરમટા, હિનાબેન કરમટા, સોનલબેન માળી વિગેરે દ્વારા નવરાત્રી મહોત્સવને સફળ બનાવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત જાણીતા કલાકારો મુકેશભાઈ બારોટ, દિવાબેન લાંબા અને આયુષભાઈ ડાભી અને સાજીંત્રોના સથવારે માતાજીના દુહા, રાસ, છંદની રમઝટ વચ્ચે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.


**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

**નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...**
- હરકયુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
**ગેલેક્સી**
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો


ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
**ૐ આયુર્વેદ હોસ્પિટલ**
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોનીની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭, ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર - જયોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ** ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ** ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
નવરાત્રી માટે ખાસ..
નવરાત્રી માટે ખાસ..
ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ